માર્ચ ૨૦૨૧



# આશાના બીજનું વાવેતર

## મહિલા સંગઠનો

પરિવર્તન માટે માર્ગ સર્જે છે

‘સાધારણ’ લોકોની અસાધારણ કામગીરીનો
ભાગ ૪: મહામારી અને લોકડાઉનની પેલે પાર

Alternatives India
VIKALP
sangam

# વિષયવસ્તુ


પ્રસ્તાવના 01

1. આફતને અવસરમાં પલટનાર મકામ દિલ્હી 04

2. લોકો મારફતે લોકો સાથે કાર્યરત એવુ સામાજીક સોલીડારિટી એન્ટરપ્રાઇઝ મોડલ 06

3. દાહોદ, ગુજરાતની મહિલા વન પેદાશ એકત્રિત કરનાર મહિલાઓનું સંયુક્ત અર્થતંત્ર 09

4. સ્થાનિક ઉત્પાદન અને માર્કેટિંગની તાકાતઃ શ્રીલક્ષ્મી મહિલા સંગઠન
કેરાલામાં માર્ગ ચીંધે છે 12

5. મહામારી દરમિયાન કોરચીમહાગ્રામસભાની પહેલ 15

6. પરિવર્તન તરફ પ્રયાણ અને સંકટના સમયમાં સજીવ ખેતીનો વિકલ્પ અપનાવવા 18

7. કોવિડ-૧૯ ના પ્રતિભાવરૂપે મહિલા ખેડૂતોના ખાદ્યઉત્પાદનો અને ખેતી
સાથે અનુરૂપ એવી ઇમારત 21

8. નિર્મલાની વાત 'અમે પણ હવે કાર્યકર્તા તરીકે ઓળખ પ્રાપ્ત કરી છે' 24

9. યમુના ખાદ્દરમાં મહિલા ખેડૂતોનો કોવિડ૧૯ સંકટની સ્થિતિમાં પ્રતિભાવ 27

10. કોવિડ-૧૯ દરમિયાન મહિલા ખેડૂતોના વૈકલ્પિક મોડલ 30

11. કોવિડ-૧૯ લોકડાઉન અને મહિલા ખેડૂતોઃ
સહાયરૂપ થવા માટે કામગીરીની આવશ્યકતા 33

12. કોવિડ-૧૯ એ સર્જેલી નવીન પરિસ્થિતિમાં બાજરી તરફ પાછા વળવુ 36

13. હાપુરની મહિલા ખેડૂતોની આર્થિક સધ્ધરતા અને
આત્મનિર્ભરતા તરફની મુસાફરીઅનચઈ 39

શીખવા મળેલ બોધપાઠ અને આગળની વ્યૂહરચના 41

# પરિચય

## મકામના

મકામ ૨૦૧૪ માં સ્થપાયેલ રાષ્ટ્રીય જોડાણ છે અને તેના સભ્યોમાં સંસ્થાઓ અને નેટવર્ક ઉપરાંત મહિલા ખેડૂતો પણ સમાવિષ્ટ છે. તેનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતો અંગેની રાષ્ટ્રીય નીતિ ૨૦૦૭ જેમાં ખેતી અને તેની સાથે સંબંધિત પ્રવૃત્તિઓમાં રોકાયેલા તમામ લોકો- શ્રમિકો, વનમાં કાર્યરત લોકો, પશુપાલકો વગેરેનો સમાવેશ થાય છે તેમાં વ્યાખ્યાયિત કરવામાં આવ્યા મુજબ મહિલાઓને ખેડૂત તરીકેની ઓળખ પ્રાપ્ત થાય અને તેમના અવાજની નોંધ લેવામાં આવે તે સ્પષ્ટ કરવાનો છે. મકામ કુદરતી સંસાધનોની આસપાસ આવેલા મહિલાઓના કાર્યક્ષેત્રમાં પિતૃપ્રધાન અને સામાજીક-આર્થિક ભેદભાવના અન્ય સ્વરૂપો જેવા કે વર્ગ, જ્ઞાતિ, ધર્મના વિવિધ પાસાનું પૃથક્કરણ કરવાની દિશામાં કાર્યરત છે.

### પૂર્વભૂમિકા

મહામારી અને તેના કારણે થયેલા લોકડાઉનને કારણે મહિલા ખેડૂતોના વિવિધ ક્ષેત્રોમાં વ્યાપક તણાવની પરિસ્થિતિ સર્જાઇ હતી તેમજ મહિલાઓનો બિનવેતન કામ કરવાનો મુદ્દો અગાઉ ક્યારેય ન ચર્ચાયો હોય એટલો વ્યાપક પ્રમાણમાં ઉભરી આવ્યો હતો. મહિલાઓએ જ્ઞાતિ, પિતૃપ્રધાન માનસ, વર્ગ અને સામાજીક ભેદભાવના અન્ય સ્વરૂપોને કારણે જે ગેરલાભોનો સામનો કરવો પડે છે એના કારણે આ તણાવ વધારે ઉગ્ર બન્યો હતો. સામાજીક જૂથોમાં હિંસાની ઘટનાઓમાં વધારો નોંધાયો હતો. જો કે, ભૂખ, આવકનો અભાવ અને ખોરાક તેમજ કામની તકોના અભાવને કારણે કાર્યભારમાં વધારો મહદ્અંશે ભારતભરના વૈવિધ્યસભર જૂથોમાં મહિલા ખેડૂતોની દુર્દશા તરફ નિર્દેશ કરે છે.

મહિલા ખેડૂતો આજીવિકા સાથે સંબંધિત બહુવિધ પ્રવૃત્તિઓમાં રોકાયેલી છે જેમ કે વાવેતર, શ્રમિક, માછીમારી, પશુપાલન, વનપેદાશ એકત્રીકરણ કામ વગેરે. મહામારી દરમિયાન આ દરેક ક્ષેત્રોમાં કાર્યરત મહિલા ખેડૂતોના જીવનમાં ગંભીર તણાવયુક્ત સ્થિતિ સર્જાઇ હતી. તેમની પાસે ખેતીલક્ષી સાધનોમાં રોકાણ કરવા માટે પૈસા ન હતા, તેમાંથી ઘણી બધી મહિલાઓ તેમના ખેત ઉત્પાદનોને વેચી શકવા સક્ષમ નહોતી તેમજ ઉત્પાદનના સંગ્રહ માટેની સુવિધાઓના અભાવના કારણે તમામ પાક તેમના ઘરે જ પડી રહ્યો હતો. બજાર ઉપલબ્ધ ન થવાને કારણે મોટાભાગનો પાક ખરાબ થઇ ગયો હતો. એકલી મહિલા ખેડૂતો કે જે સામાન્ય રીતે તેમના ઉત્પાદનો ખાનગી વેપારીઓ મારફતે વેચતી હોય છે તેમને સામાન્યતઃ લઘુત્તમ ટેકાના ભાવ ઉપલબ્ધ થતા નથી, પરંતુ લોકડાઉનના કારણે આ ભાવો વધારે નીચે ગયા હતા અને તેમના માટે તેમના વાવેતર ખર્ચ જેટલી રકમ મેળવવાનું પણ મુશ્કેલ બન્યુ હતુ. વનમાં કામ કરનારી મહિલાઓ આ જ કારણોને લીધે તેમની લાકડા સિવાયની વન્ય પેદાશો(એનટીએફપી) વેચી શકી ન હતી. મહિલાઓના સમૂહ અને ખેડૂત ઉત્પાદક સંસ્થાઓ(એફપીઓ)ની માર્કેટિંગ પ્રવૃત્તિઓ અટકી ગઇ હતી અને તેઓ તેમની પ્રવૃત્તિઓ વિના અવરોધ આગળ વધી શકે એ માટે ધિરાણ અને બજારનો સહકાર મેળવવા પ્રયત્ન કરતા હતા.

કામ માટેની માંગ ખૂબ જ ઉંચી હતી અને તેમ છતાં જાહેર રોજગાર કાર્યક્રમ અને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી(મનરેગા) લોકડાઉનના બે મહિના કાર્યરત થયા ન હતા, જેના કારણે વધારે તણાવ સર્જાયો હતો, ખાસ કરીને એવી મહિલાઓ માટે જે પરિવારની એકમાત્ર કમાઉ વ્યક્તિ હતી. તેમાંની ઘણી બધી મહિલાઓએ દૈનિક ભથ્થું ઉપલબ્ધ કરાવતી કામગીરી માટે પરત ફરેલા સ્થળાંતરિત શ્રમિકો સાથે સ્પર્ધા કરવી પડી હતી.

મકામના સહયોગીઓ દ્વારા મહારાષ્ટ્ર, ગુજરાત અને અન્ય રાજ્યોમાં હાથ ધરાયેલ અભ્યાસ દર્શાવતો હતો કે મહિલા ખેડૂતોના મહત્તમ હિસ્સાને વાસ્તવમાં પ્રધાનમંત્રી દ્વારા જાહેર કરાયેલ રાહત કાર્યક્રમ-પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ

યોજના(પીએમજીકેવાય)નો લાભ મળ્યો ન હતો. દસ્તાવેજો, બેંકમાં ખાતાનો અભાવ અને જમીનની માલિકી ન હોવાને કારણે રાહત માપદંડોમાં સમાવેશ થતો હોવા છતાં મહિલાઓ આ મદદથી વંચિત રહી હતી.

જો કે અમે અહીં જે વાતો કહેવાના છીએ એ દર્શાવે છે કે તમામ પરિણામો ખરાબ ન હતા. તમામ પ્રતિકૂળતાઓ છતાં અમારી પાસે એવા સંખ્યાબંધ કેસો છે જ્યાં મહિલા ખેડૂતો અને તેમના સમૂહોએ ભૂખ અને બેરોજગારીની સમસ્યાઓનો સામનો કરવા માટે તેમના નવતર રસ્તાઓ શોધી કાઢ્યા હતા અને વાટાઘાટો કરી હતી.

## આ વાર્તાઓ આપણને કંઇક કહી રહી છે

આ મહિલા સમૂહોની એવી વાર્તાઓનો સંગ્રહ છે જેમણે ખોરાક અને કામની તકોના સ્વરૂપમાં મદદ મળી રહે એ સ્પષ્ટ કરવા માટે પહેલ કરી હતી અને આગેવાની લીધી હતી.

મહિલા સમૂહો, ગ્રામ સભાઓ અને મહિલા ખેડૂતોના અનેક ઉદાહરણોમાંથી આ ૧૩ ઉદાહરણ છે જે લોકો સુધી રાહત પહોંચાડવા આગળ આવ્યા હતા. કેટલીકવાર તેઓ સરકારને રાહત કામગીરીમાં મદદરૂપ થવા આગળ આવ્યા હતા તો અમુક સમયે તેમને રાહત મળી રહે તે સ્પષ્ટ કરવા માટે સ્થાનિક, રાજ્ય અને કેન્દ્ર સરકાર સાથે વેતનને લઇને સંઘર્ષમાં પણ ઉતરવુ પડયુ હતુ.

આ ઉદાહરણો ગુજરાત, મહારાષ્ટ્ર, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, કેરાલા, દિલ્હી અને ઉત્તરપ્રદેશ રાજ્યોના છે.

આ મહિલાઓના નેતૃત્વ હેઠળની પહેલ પાયાના સ્તરે કાર્યરત એક્તા આધારિત આર્થિક પહેલને માર્ગ ચીંધે છે. આ એવી વાર્તાઓ છે જે દર્શાવે છે કે કેવી રીતે સાધારણ લોકોએ રાહત પહોંચાડવામાં, રાજ્ય સાથે વેતન માટે સંઘર્ષમાં ઉતરવામાં અને આ પ્રતિકૂળ સમયમાં ટકી રહેવા માટે સ્થાનિક સમુદાયોને જાગૃત કરવામાં અસાધારણ ભૂમિકા ભજવી છે.

પ્રયાસોના આ સમયમાં સ્વ-જોગવાઇ અને સામુદાયિક ઉત્પાદન તેમજ એક્તા ખૂબ જ મહત્વપૂર્ણ રહ્યા.

ઘણા બધા કેસો બિન નાણાંકીય અર્થતંત્ર અને સામાજીક એક્તાને પણ માર્ગ ચીંધે છે. ઉદાહરણ તરીકે, પૈસાની જગ્યાએ ચીજવસ્તુઓના બદલે ચીજવસ્તુઓની આપ-લે કરવામાં આવી હતી. પંચાયતો આગળ આવી હતી અને એ બાબતની ખાતરી કરી હતી કે કામની તકો ઉભી કરવામાં આવે અને ખાદ્યપદાર્થો દ્વારા રાહત પહોંચાડવામાં આવે. આ ઉદાહરણો આપણને સામાજીક ઐક્યયુક્ત અર્થતંત્રની દિશામાં આગળ વધવાનો અવકાશ અને તકો પ્રદાન કરે છે જે પારસ્પરિક વ્યવહારોની છૂટ આપે છે જે માલ અને સેવાઓના વિતરણમાં પરિણમે છે અને નાણાંકીય આપ-લે પર નિર્ભર રહેતા નથી.

અહીં દસ્તાવેજીકૃત કરાયેલી વિવિધ વાર્તાઓની ચર્ચા કરવા માટે સ્થિતિસ્થાપકતા એક ઉપયોગી ખ્યાલ છે. આપણા આ વિચારની ઉપયોગિતા પસંદગીનો વિકલ્પ ઉપલબ્ધ ન હોય ત્યારે સંજોગો અનુસાર માર્ગ અપનાવવાના વિચારની પેલે પાર જાય છે. સ્થિતિસ્થાપકતાની નારીવાદી સમજ સત્તા અને સામાજીક ન્યાયના મુદ્દાઓને ઓળખે છે અને સ્થિતિસ્થાપકતાને કોઠાસુઝ તરીકે પણ એટલે કે હકારાત્મક પરિણામો માટે પહેલ કરવાની ક્ષમતા તરીકે પણ જુએ છે.

પ્રતિકૂળ સંજોગોમાં માનવ અનુભવને સમજવામાં અને નીતિની જાણ કરવામાં અને અમલમાં મૂકવામાં આપણે તેની ઉપયોગિતા જોઇએ છીએ.

સ્થિતિસ્થાપકતાની નારીવાદી સમજ મધ્યસ્થી પ્રક્રિયા જે વર્તમાન મહામારી જેવા પ્રતિકૂળ સંજોગોમાં એજન્સીઓને જાગૃત કરવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, તેને તેમજ જેની આસપાસ સમાજની રચના થઇ છે એવા જ્ઞાતિ, પિતૃપ્રધાન માનસિકતા અને વર્ગ વગેરે જેવા પહેલેથી અસ્તિત્વ ધરાવતા પરિમાણોને પણ સમજે છે.

આ કેસ સ્ટડી દર્શાવે છે કે આ સ્થિતિસ્થાપકતા અથવા સર્જનાત્મક રીતે પહેલ કરવાની અથવા નવી રીતો અપનાવવાની ક્ષમતા મહિલા સશક્તિકરણની વ્યાપક પ્રક્રિયાનો હિસ્સો છે. દરેક પહેલ આપણને એક એવી વાર્તા કહે છે જેમાં સમુદાયો અને તેમની સાથે કામ કરનાર સંસ્થાઓ વચ્ચેની આંતરિક સમજ વધારે વિકસી હોય.

## આગળનો માર્ગ

એક જોડાણ તરીકે મકામ રાહત કામ દ્વારા પાયાના સ્તરે તેમજ વિવિધ સ્તરે-રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ(એનએચઆરસી), નીતિ આયોગ, રાજ્ય સરકારો વગેરે સાથે સક્રિય રીતે કાર્યરત છે તેમજ ખાદ્યપદાર્થો અને રોજગારી સાથે સંબંધિત જાહેર વ્યવસ્થાના મજબૂતીકરણ માટે તેની ભલામણો તેમની સમક્ષ મૂકે છે. તે ખાદ્ય વિતરણ વ્યવસ્થા અથવા પીડીએસ માત્ર દસ્તાવેજો ધરાવતા લોકો સુધી મર્યાદિત ન રહેતા, સાર્વત્રિક ધોરણે ઉપલબ્ધ થાય એવી ખાતરી આપવાની માંગ મૂકે છે. તેમાં ફક્ત સીરીયલ્સ જ નહી પરંતુ પોષણયુક્ત આહારનો પણ સમાવેશ થવો જોઇએ. મકામની મુખ્ય માંગણીઓમાંથી એક માંગ એ પણ છે કે ખાતરીપૂર્ણ રોજગાર પ્રદાન કરવા માટે જાહેર કાર્યોના પ્રોગ્રામનું વિસ્તરણ કરવામાં આવે જેમાં એવા કામોનો સમાવેશ કરવામાં આવે જે મહિલા ખેડૂતોની ઉત્પાદક મિલકતોમાં વધારો કરે. લાંબા સમય બાદ આને મહિલાઓની પર્યાવરણમાં સંતુલન જાળવી રાખે એવી ગ્રામીણ આજીવિકાઓને પુનઃનિર્મિત કરવાની, સહકાર આપવાની અને મજબૂત બનાવવાની તક તરીકે જોવામાં આવશે. જો કે, તેનો અર્થ એવો થાય છે કે ખેતી, પાણી અને અન્ય સામાન્ય બાબતો જેના પર મહિલાઓ નિર્ભર છે તેમાં તેમજ એવી નીતિઓ જે તેમને સંસાધનો ઉપલબ્ધ કરાવવામાં મદદરૂપ થાય છે અને તેમના સંસાધનો મેળવવાના હકને સુરક્ષિત રાખે છે તેમાં મજબૂત રોકાણ કરવાની જરૂર છે. આ માટે એવી દીર્ઘદૃષ્ટિની જરૂર છે જેમાં મહિલાઓના માનવ અધિકારો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તેમજ સત્તા અને સંસાધનોની પુનઃકલ્પના અને પુનઃવિતરણ દ્વારા વિકાસના વર્તમાન મોડલને બદલવામાં આવે.

અમે માનીએ છીએ કે આ ઉદાહરણોમાં કોવિડ બાદના ભારતમાં સામાજીક અને આર્થિક એક્તાને મજબૂત બનાવવા માટેના નવા માર્ગો શોધવા તેમજ આજીવિકાઓને પુનર્જીવિત કરવા માટેના મહત્વના બોધપાઠો રહેલા છે.

# 1. આફતને અવસરમાં પલટનાર મકામ દિલ્હી

## લેખકોઃ ડો. સોમા કેપી, સુલેખા (એક્શન ઇન્ડિયા), મુબાશીરા ઝૈદી

મકામ દિલ્હીની રચના માર્ચ ૨૦૨૦ માં દિલ્હીમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યુ તેની આસપાસ કરવામાં આવી હતી. ફેબ્રુઆરી ૨૦૨૦ ના અંતમાં પૂર્વ દિલ્હીમાં થયેલા કોમી તોફાનોની પૃષ્ઠભૂમિમાં અમે એકઠા થયા હતા. જો કે અમારામાંથી ઘણા બધા દિલ્હીમાં સ્થિત હતા અને અલગ અલગ ક્ષમતાઓ સાથે મકામ એજન્ડાના ઉપલક્ષમાં કાર્યરત હતા, અમે એક ટીમ તરીકે એકઠા થયા હતા કારણ કે અમને આ સંકટના સમયમાં દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં અમારા સામૂહિક પ્રયાસો દ્વારા સમુદાયોને મદદરૂપ થવાની જરૂરિયાત અનુભવાઇ હતી. અમે ઉત્તરીય રાજ્યો પ્રવર્તતી તણાવની સ્થિતિમાં અમારી બહેનોને મદદ અને સહાય પહોંચાડવા સક્ષમ હતા જેથી તેમના પ્રદેશોમાં ભૂખની સમસ્યાને હળવી કરવા માટેના તેમના પ્રયાસોને મજબૂત કરી શકાય તેમજ સ્થિતિસ્થાપકતા નિર્માણ કરવામાં મદદ કરી શકાય.

દિલ્હીમાં આવેલ બસ્તીઓ/વસાહતોમાં રહેનાર વસતી શહેરમાં સ્થળાંતરિત થઇને આવેલા શ્રમિકો હતા અથવા વિસ્થાપિત થયા બાદ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં રહેતા હતા અને તેમના ઝૂંપડપટ્ટી વિસ્તારોમાંથી શહેરના સીમાડાઓએ સ્થિત પુનર્વસન વિસ્તારોમાં જઇને વસ્યા હતા. લોકડાઉને તેમની જીંદગીમાં ખૂબ જ ઝડપથી હડકંપ મચાવી દીધો કારણ કે તેમની દૈનિક આજીવિકા બંધ થઇ ગઇ હતી, એક અથવા બે અઠવાડિયાની અંદર જ ભૂખ અને તણાવની પરિસ્થિતિ સર્જાઇ હતી. તેમાંના મોટાભાગના ઓટારીક્ષા ડ્રાઇવર, ઘરેલુ કામવાળા, શાકભાજી વેચનારા અથવા નાનકડી હાટડી ચલાવનારા અને ઘરેથી કામ કરનારા કામદારો હતા. અચાનક આવેલા લોકડાઉનથી તેમના જીવનમાં અણધાર્યા સંકટની પરિસ્થિતિ સર્જાઇ ગઇ કારણ કે તેમના દૈનિક ખર્ચા તેમની દૈનિક આવક પર નિર્ભર હતા. લોકડાઉનની સૌ પ્રથમ અસર ભૂખ હતી પરંતુ તેની સાથે સાથે ભાડેથી રહેનારા લોકો માટે ઘરવિહોણા થવાનું જોખમ પણ સર્જાયુ.

માર્ચ ૨૦૨૦ની શરૂઆતમાં લોકડાઉનની સ્થિતિ સર્જાવાની શક્યતાઓને સમજી જઇને મકામ સાથે જોડાયેલી બે સંસ્થાઓ- એક્શન ઇન્ડિયાની મહિલા પંચાયતો અને સબલા સંઘ યુનિટ તાત્કાલિક કાર્યરત થઇ હતી. તેમણે જ્યાં પરિવારની મુખિયા મહિલા હોય એવા સૌથી વંચિત પરિવારોને તેઓ આ મહામારીની પરિસ્થિતિમાં બે મહિના સુધી ટકી શકે એટલા ખાદ્યપદાર્થો અને આવશ્યક વસ્તુઓની કીટ પ્રદાન કરી હતી. તેઓ અને અન્યો બધા શહેરી ગરીબોની સાથે સાથે શહેરના ૧૨ અલગ અલગ સ્થળોએ - ચાલી/ઝૂંપડટ્ટીમાં તેમજ ખેડૂતોના ગ્રામીણ ક્ષેત્રોમાં, વિચરતા પશુપાલકો તેમજ શહેરના સીમાડાઓ પર રહેતા ફેરિયાઓ - રહેતા સ્થળાંતરિત ગ્રામીણ ગરીબો સુધી પહોંચ્યા હતા. આ વંચિત વસતીને રાશન અને ખાદ્યપદાર્થો પહોંચાડવા માટે રાજ્યની એજન્સીઓ તેમજ રાહત જૂથો સાથે મળીને વ્યવસ્થાઓ સ્થાપવી અને કમ્યુનિકેશનની કડી ગોઠવવી એ તેમની પ્રથમ પ્રાથમિકતા બની હતી. સૌથી વધારે પીડિત લોકોની યાદી બનાવવામાં આવી હતી, રાહત જૂથોને ફોન કરીને જણાવવામાં આવ્યુ હતુ કે સભ્યોના નામ નોંધાઇ ગયા હતા અને ત્યારબાદ, ખાદ્યપદાર્થો અને રાશન શહેરભરમાં પહોંચાડવામાં આવ્યુ હતુ. જ્યાંથી પણ કોઇ પીડિત હોવાના ફોન આવતા, તે તમામ જગ્યાઓએ દિલ્હી રાહત જૂથોના દાતાઓની મદદથી, એવા લોકો જેમને બહારના ગણવામાં આવે છે અને જેમની આ શહેરમાં ક્યાંય નોંધ થતી નથી તેમને સહાય પહોંચાડવામાં આવતી હતી. ગ્રામીણ વિસ્તારોમાં સ્થિત કારખાનાઓમાં મહિલા સહકારી મંડળીઓ દ્વારા ઉત્પાદિત કરવામાં આવતા સેનિટરી પેડ બસ્તીની યુવાન દીકરીઓ અને મહિલાઓને, લગભગ નિઃશુલ્ક દરે પહોંચાડવામાં આવ્યા હતા, આ અભિયાનમાં શાળા અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ જોડાયા હતા. તેના થોડા જ સમય બાદ, રાજ્ય સરકારે પણ સંકલિત રાહત પ્રયાસો પર નિર્ભર રહેવાની શરૂઆત કરી હતી અને તેમની સમિતિઓએ રાશન અને મેડિકલ સુવિધાઓ પહોંચાડવા માટે રાહત સમૂહોનો સંપર્ક કર્યો હતો.

દિલ્હી મકામના પ્રયાસોને લીધે દિલ્હીના ૫૬૦૦ ઘરોમાં ૪ મહિના સુધી રાશન પહોંચાડી શકાયુ હતુ તેમજ ૧૦૦ બાળકોને પોષક આહાર આપવામાં મદદ કરી શકાઇ હતી, જેના ચોથા ભાગની મદદ ગૂંજ દ્વારા કરવામાં આવી હતી અને એક નોંધપાત્ર રકમ દિલ્હી રાહત જૂથો દ્વારા આપવામાં આવેલા યોગદાન તરીકે એકઠી કરવામાં આવી હતી. શહેરમાં ગ્રામીણ વસતી સુધી પહોંચવા માટે વધારે સંકલનની જરૂર હતી કારણ કે તેઓ વહીવટીતંત્ર માટે લગભગ અદૃશ્ય જ હતા.

દિલ્હી રાહત જૂથો અને અન્ય વ્યક્તિગત દાતાઓની મદદથી બિયારણ/ખોરાક તેમજ ધાન્ય બેંકો માટે આ સહાય અન્ય રાજ્યો સુધી પણ વિસ્તારવામાં આવી હતી, દિલ્હીમાં ૪૦૦ થી વધારે એકલી રહેતી મહિલાઓને નાના વેપાર માટે નાની ગ્રાન્ટ અને ઘરેલુ રાહત પ્રદાન કરવામાં આવી હતી. ટીમ દ્વારા ઘણા બધા સ્થળાંતરિત શ્રમિકોને તેમના વતન એટલે કે બિહાર, અસમ, મધ્યપ્રદેશ પરત ફરવા માટે સંકલન કરવામાં આવ્યુ હતુ અને વ્યવસ્થા કરવામાં મદદ પ્રદાન કરવામાં આવી હતી તેમજ લગભગ ૪૦૦૦ લોકોને દિલ્હીમાં જ આશ્રય મળી રહે એવી વ્યવસ્થા કરી હતી. શહેરના કેટલાક વિસ્તારોમાં સભ્યોએ જાતે જ કિચન ગાર્ડન તૈયાર કરવાના, જીવવૈવિધ્યની સાચવણી અને બગીચા તેમજ જાહેર જગ્યાઓમાં એક એન્ટરપ્રાઇઝ તરીકે કુદરતી ખાતર બનાવવાના ખ્યાલની ચર્ચા કરવા અને પ્રોત્સાહન આપવા પહેલ કરી હતી.

લોકડાઉન દરમિયાન થયેલી રાહત કામગીરીને કારણે એક્તા અને સામૂહિક સંગ્રહની સંચિત લાગણી સર્જાઇ હતી જેના કારણે જૂથને એ રીતે કામ કરવાની આદત વિકસી છે કે તે અંતર્ગત બિયારણની ખરીદી માટે આદિવાસી અને દલિત વસતીને અગ્રીમતા આપવામાં આવે, એકલી રહેતી મહિલાઓને નાના વ્યાવસાયિક એકમો શરૂ કરવા માટે અને કામ શોધવા માટે મદદ કરવામાં આવે અને કોવિડનું સંક્રમણ હજી ચાલુ હોવાથી સંકટ દરમિયાન મેડિકલ સહાય પ્રદાન કરવામાં આવે.

મહિલાઓ હવે તેમના ઉત્પાદનો જેવા કે મસાલા, ઘઉં અને સસ્તા સેનિટરી ટોવેલ માટે ગ્રામીણ-શહેરી પુરવઠા કડી સ્થાપવા માટે સંગઠિત થઇ રહી છે. એવી આશા છે કે આમાંના કેટલાક પ્રયાસો અને પહેલ સ્થાયી બનશે અને ફરીથી બેઠા થવાની અને તકલીફની આ પરિસ્થિતિમાં રાહત પ્રદાન કરશે.

લોકડાઉનમાં ટકી રહેવા માટે સમુદાયોની સ્થિતિસ્થાપકતા તેમજ વિવિધ સ્થળે એકલી રહેતી મહિલાઓ સુધી મદદ પહોંચાડવામાં દૂરંદેશી, ઝડપી પ્રતિભાવ અને પ્રાપ્ત થયેલ વ્યાપક સહકારે ખૂબ જ નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી અને તેના લીધે જ વિવિધ વિસ્તારો સુધી રાહતસામગ્રી પહોંચાડી શકાઇ હતી જે એક સ્થિતિસ્થાપક ભવિષ્યની આશા પ્રદાન કરે છે.

# 2. લોકો મારફતે લોકો સાથે કાર્યરત સામાજીક સોલીડારિટી એન્ટરપ્રાઇઝ મોડલ

લેખકોઃ નફીસા બારોટ અને પલ્લવી સોબતી રાજપાલ

ફોટો સૌજન્યઃ ઉત્થાન



ગુજરાતના ભાવનગર જીલ્લાના મહુવા તાલુકામાં આવેલા રતોલ ગામમાં વિતરણ

ઉત્થાન દ્વારા ગુજરાતના દરિયાકાંઠાના દુષ્કાળ પીડિત જીલ્લાઓ અને ગરીબ આદિવાસી જીલ્લાઓના સૌથી વંચિત લોકોના સશક્તિકરણની જાતિગત રીતે સંવેદનશીલ, પાયાના સ્તરની પ્રક્રિયાઓ લગભગ ૪૦ વર્ષથી હાથ ધરવામાં આવી છે. આજે, તે પ્રત્યક્ષ રીતે ગુજરાતના છ જીલ્લાઓમાં ૪૧૨ ગામોના ૧.૪ મિલિયનથી વધારે લોકોના જીવનને સ્પર્શે છે.

સશક્તિકરણને સ્વતંત્ર રીતે ટકાઉ બનાવવાની ક્ષમતા ધરાવતા મહિલા ફેડરેશનોનું નિર્માણ કરવુ અને વ્યાપક વિકાસ પ્રક્રિયાઓ એક ચાવીરૂપ વ્યૂહરચના તરીકે ઉભરી આવ્યા હતા. સામાજીક સંસ્થાનોમાં આવા પાંચ ફેડરેશનો રચાયા છે જે ગ્રામીણ મહિલાઓ અને હાંસિયામાં ધકેલાઇ ગયેલા લોકોના અધિકારોની જાળવણી માટે કામ કરે છે. છેલ્લા ૧૫ વર્ષમાં ૮૦૦૦ થી વધારે સભ્યોએ ખેતી, પશુપાલન, માછીમારીમાં થતા પ્રયોગો પર કામગીરી કરી છે તેમજ ખાનગી/જાહેર સંસાધનો પરના તેમના અધિકારો અને ખેડૂત તરીકેની તેમની ઓળખને મજબૂત બનાવી છે.

કોવિડ લોકડાઉન બાદ, ઉત્થાનના સમુદાય સાથેના સંપર્ક દરમિયાન એ બાબત બહાર આવી હતી કે અચાનક લોકડાઉનની સૌ પ્રથમ પ્રતિક્રિયા હાંસિયામાં ધકેલાઇ ગયેલા લોકોની થાળી પર અનુભવાઇ હતી. ખાદ્યપદાર્થો અને શાકભાજીની પુરવઠા કડીમાં વિક્ષેપ પડવાથી, નાણાંની તંગી ધરાવતા પરિવારોમાં ખાદ્યપદાર્થોની ઉપલબ્ધિનો ભય સૌથી વધારો જોવા મળ્યો હતો. ફિલ્ડમાંથી મળેલ ડેટા એ બાબત પર પ્રકાશ ફેંકતા હતા કે સરકારનો ઇરાદો સારો હતો પરંતુ સંપૂર્ણ જરૂરિયાતને પહોંચી વળવામાં એક મોટી ખાઇ રહી ગઇ હતી, જે હવે પરત ફરી રહેલા સ્થળાંતરિત શ્રમિકોને કારણે મોટી થઇ હતી. ધનપુર તાલુકાના રૈયાવન ગામના વાલીબેન પલાશ તેમના ઘઉં અને મકાઇ વેચવા અંગે ચિંતિત હતા. એકલી રહેતી મહિલાઓ ખાસ કરીને પરિવહનની સમસ્યાનો સામનો કરી રહી હતી અને વાજબી ભાવ મેળવવા અંગે ચિંતિત હતી. ફક્ત ૨૪% ખેડૂતોએ તેમનો રવિ પાક વેચ્યો હતો અને લગભગ ૪૦% જેટલાને જુલાઇ ૨૦૨૦ માં પીએમકેએસવાય હકો મળ્યા ન હતા.

ફોટો સૌજન્યઃ ઉત્થાન



શકુબેન, રાહત સહભાગી(ડાબે) અને વાલીબેન, ખેડૂત(જમણે), રૈયાવન ગામ, ધનપુર તાલુકો, દાહોદ જીલ્લો, ગુજરાત

મહિલા આગેવાનો સાથેની વાતચીત બાદ એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે રાહત માટે હાથ ધરવામાં આવનાર પહેલ અંતર્ગત લોકો મારફતે લોકો સાથે સામાજીક સોલિડારિટી એન્ટરપ્રાઇઝ મોડલના અમલીકરણ દ્વારા સંકટની આ સ્થિતિનો લાભ ઉઠાવી શકાય. સોલિડારિટીનો વિચાર સામુદાયિક આગેવાનીને ઇરાદાપૂર્વક એકસાથે લાવવાનો, સશક્તિકરણ પ્રક્રિયા દ્વારા સૌથી વંચિત લોકોને મદદરૂપ થવાનો તેમજ વિવિધ જૂથો વચ્ચે જોડાણો સ્થાપવાનો હતો. આ મોડલ સાથે મળીને ભાવનગર, દાહોદ, પંચમહાલ અને મહિસાગર જીલ્લાઓના ૧૩૯ ગામોના ૩૬૧૮ પરિવારોને રાશન અને પ્રાથમિક આવશ્યકતાઓ લાવવામાં મદદરૂપ થઇને રચાયુ હતુ. જરૂરિયાતનું તમામ ધાન્ય મહિલા ખેડૂતો પાસેથી ખરીદવામાં આવ્યુ હતુ નહીતર તેમણે રોકડ નાણાના સંકટને પહોંચી વળવાની હતાશાને કારણે, કોઇ પણ ભાવે તેમના ઉત્પાદનો વેચી દીધા હોત. આ સાથે, ૧૨૦ ગામોમાં પીડીએસ અને અન્ન બ્રહ્મા યોજના હેઠળ ફૂડ બાસ્કેટ ઉપલબ્ધ થવામાં જે ખામી રહી ગઇ હતી એનું આંકડાકીય વિશ્લેષણ સંબંધિત તાલુકા અને જીલ્લા અધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યુ હતુ. સરપંચો સાથે પણ સંવાદ સાધવાની શરૂઆત કરવામાં આવી હતી.

ગામના આગેવાનો, ફેડરેશનના સભ્યપદ અને પંચાયતોની મદદથી વંચિત પરિવારો તારવવામાં આવ્યા હતા. જે ખેડૂતોને ગામમાં અને નજીકના વિસ્તારોમાં તેમનુ અનાજ વેચવામાં મુશ્કેલી પડી રહી હતી તેમનો મહિલા આગેવાનો અને ગામ વિકાસ સમિતિઓ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો. ઉત્થાનના સંબંધો, મહિલા ખેડૂતો સાથેની કામગીરી તેમજ આપવામાં આવેલા યોગ્ય ભાવને કારણે નવી શરૂઆત કરવામાં સરળતા રહી. આ ખરીદી બદલ જે ચૂકવણી કરવામાં આવી હતી તેની રકમ મહિલાઓના ખાતામાં જમા કરવામાં આવી હતી, મોટાભાગે એવી મહિલાઓના જે જમીન માલિક તો ન હતી પરંતુ 'તેમની' જમીનને ખેડવામાં જેમનો પરસેવો પડયો હતો. સ્વતંત્ર મહિલાઓ પાસેથી પ્રત્યક્ષ કરિયાણાની દુકાનમાંથી અનાજ ખરીદવાની આ પ્રક્રિયાઓમાં સમય વધારે જતો હતો પરંતુ તેના કારણે એવા લાકો જેને અનાજની જરૂર હતી અને એવા લોકો જે અનાજ વેચવા માંગતા હતા તેમને એકબીજા સાથે જોડવામાં મદદ મળી હતી. વાલીબેન ખૂબ જ હાશકારાની લાગણી અનુભવતા હતા કારણ કે તેઓ તેમનું ઉત્પાદન રૂા. ૧૦ પ્રતિ કિ.ગ્રા. ના ભાવે વેચી શક્યા હતા, જો તેમણે સામાન્ય સંજોગોમાં આ ઉત્પાદન બજારમાં વેચ્યુ હોત તો તેમને પ્રતિ કિ.ગ્રા. નો ભાવ રૂા. ૨૦-૨૨ મળ્યો હોત પરંતુ તેમને પ્રતિ કિ.ગ્રા. રૂા. ૫ જેટલી રકમ પરિવહન પાછળ ખર્ચ કરવી પડી હોત. ''આ પૈસાની બચત થઇ કારણ કે હું સ્થાનિક સ્તરે જ મારુ ઉત્પાદન વેચી શકી.''

એકઠા કરેલા અનાજમાંથી સામુદાયિક આગેવાનો અને ઉત્થાનની ટીમ દ્વારા અલગ અલગ કીટ બનાવવામાં આવી હતી અને યુવાઓ અને પંચાયતોના સહકારથી તેનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. એક થઇને કામ કરવાને કારણે રૂા. ૫૪,૨૭,૦૦૦ ની કિંમતનું રાશન પ્રદાન કરી શકાયુ હતુ. ૭૮ મહિલા ખેડૂતોએ આ પહેલને ૪૪૧૩૬ કિ.ગ્રા. અનાજ વેચ્યુ હતુ અને રૂા. ૯,૧૨,૯૮૦ની આવક ઉભી કરી હતી. આ રકમ મહિલાઓના ખાતાઓમાંથી સ્થાનિક અર્થતંત્રમાં જ પાછી આવી હતી. તુલનાત્મક રીતે જોઇએ તો, મહિલાઓને ઘરે બેઠાં તેમના ઉત્પાદનો વેચવાથી છેતરાવા અને વાજબી ભાવ ન મળવાની કોઇ ચિંતા વગર જ ૧૬% લાભ થયો હતો. મોટાભાગની આ મહિલા ખેડૂતો ''સંતોષની લાગણી અનુભવતી હતી અને ખુશ હતી કે અમારા અનાજથી અમારા જ ગામના ઘણા બધા લોકોની મદદ થશે. જેથી આ વધારે

મૂલ્યવાન કમાઇ છે''. અન્ય એક સંતોષકારક નોંધ એ હતી કે, કેટલીક મહિલા ખેડૂતોએ તેમનો પાક આ પહેલને વેચવાની ના પાડી દીધી હતી કારણ કે તેમની પાસે જે જથ્થો હતો તે તેમના અંગત વપરાશ માટે ઉપયોગી થાય એટલો જ હતો. મહિલા ફેડરેશનનની આગેવાનો હંમેશા એ સવાલ ઉઠાવતી કે,''શા માટે અમારે અમારો પાક બહાર વેચવો પડે છે અને ત્યારબાદ તે પીડીએસ દ્વારા, બહારથી અમારી પાસે પાછો આવે છે? શા માટે સરકાર સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવાનો વિચાર કરતી નથી?'' ઘણા બધા નારીવાદીઓ અને કેટલાક અર્થશાસ્ત્રીઓ દ્વારા આને સમર્થન આપવામાં આવ્યુ હતુ. આ મોડલને વ્યાપક ધોરણે અમલમાં મૂકીને, જો સરકાર ખરીદી કરે અને તમામ અનાજનો જથ્થો/ઉત્પાદનો સ્થાનિક ધોરણે ફરીથી વિતરિત કરે તો તેનાથી ખાદ્ય અનાજની સમયસર ઉપલબ્ધતાની અસલામતી ઓછી કરવામાં તેમજ વેચાણની તકલીફો ઘટાડવામાં અને પરિવહનમાં વપરાતી ઉર્જાની બચત કરવામાં મદદ મળશે. સમુદાયોની થાળીમાં સ્થાનિક સ્વાદની પણ ખાતરી મળશે.

ફોટો સૌજન્યઃ ઉત્થાન



સમર્થન મહિલા સંગઠનના કાર્યાલયમાં ડબલ્યુએફ ઉત્પાદનોની કીટ તૈયાર કરી રહેલા ગીતાબેન

# 3. દાહોદ, ગુજરાતની વનપેદાશ એકત્રિત કરનાર મહિલાઓનું સંગઠિત અર્થતંત્ર

લેખકોઃ સેજલ દાંડ, નીતા હરદીકર

ફોટો સૌજન્યઃ આનંદી



આરએએસકેયુએમ મંડલી દ્વારા જામરણ ગામમાં મહુવાના ફૂલોનું એકત્રીકરણ કેન્દ્ર

રતનમહલ આદિવાસી મહિલા સજીવ ખેત ઉત્પાકાકણે વેચાન મંડલી (આરએએસકેયુએમ) એ આદિવાસી મહિલા ખેડૂતો અને વન ઉત્પાદકોનો સમૂહ છે. તેની સ્થાપના ૨૦૦૮ માં થઇ હતી. ગુજરાતના દાહોદ જીલ્લાના દેવગઢબારીયા તાલુકામાં તેના ૫૭૨ સભ્યો છે, જેને આનંદી અને દેવગઢ મહિલા સંગઠન દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યુ હતુ.

દાહોદ પશ્ચિમ ભારતમાં ગુજરાતના આંશિક સૂકા વિસ્તારોમાં આવેલો પૂર્વીય જીલ્લો છે જેની લગભગ ૭૫% વસતી આદિવાસીઓની છે. તે ભારતના સૌથી ગરીબ એવા ૨૦૦ જીલ્લાઓમાંથી એક છે જ્યાં સ્થળાંતર એ આજીવિકાનો એક સ્રોત છે.

આનંદી - એરિયા નેટવર્કિંગ અને ડેવલપમેન્ટ ઈનીશીયેટીવ, એક નારીવાદી સંસ્થા જે ગ્રામીણ મહિલાઓના નેતૃત્વમાં સામાજીક બદલાવ લાવવા માટેની વ્યૂહરચના તરીકે સજાગતા કેળવવા, સંવાદિતા નિર્માણ કરવા અને સાથે મળીને સમસ્યાનું નિવારણ શોધવા પર ભાર મૂકે છે. આરએએસકેયુએમ રતનમહલમંડલી તરીકે પણ ઓળખાય છે, જે આનંદી જેની સાથે કામ કરે છે એવા આવા સાત સમૂહોમાંથી એક છે અને તે સજીવ અને વનપેદાશ, શાકભાજીનું વાવેતર તેમજ સજીવ ખાદ્ય પદાર્થોના ઉત્પાદનની પ્રક્રિયામાં રોકાયેલુ છે.

## કામગીરી માટેની જરૂરિયાત

લોકડાઉનના માર્ચ થી મે ૨૦૨૦ સુધીના મહિના વનપેદાશ એકત્રિત કરનાર લોકો માટે કમાવવાનો શ્રેષ્ઠ સમય છે કારણ કે ટીમરુના પાન અને મહુવાના ફૂલ જેવી બે મુખ્ય વનપેદાશ આ જ સમયગાળા દરમિયાન એકત્રિત કરવામાં આવે છે અને વેચવામાં આવે છે. અવરજવર પર નિયંત્રણો લાદવાને કારણે ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ અને ખાનગી વેપારીઓ દ્વારા સ્થાપવામાં આવેલા કલેક્શન કેન્દ્રોની સંખ્યા નાટ્યાત્મક રીતે ઘટી હતી. આના કારણે વનવાસી સમુદાયો માટે ભારે સંકટની પરિસ્થિતિ સર્જાઇ હતી કારણ કે તેમનો આવકનો મુખ્ય સ્ત્રોત આ સમયગાળા દરમિયાન વન પેદાશોમાંથી થતી આવકમાંથી પ્રાપ્ત થાય છે.

ફોટો સૌજન્ય: આનંદી



વનઅધિકાર જમીન જેના પર તેમણે તેમનો હક સફળતાપૂર્વક મેળવ્યો છે એવા દેવલીકુવા ગામના નંદાબેન તેમના પરંપરાગત પાક સાથે

ભારત સરકારના ટીઆરઆઇએફઇડી વિભાગ દ્વારા મહુવાના ફૂલનો ભાવ પ્રતિ કિ.ગ્રા. રૂા. ૧૭ થી વધારીને રૂા. ૩૦ કર્યો હતો જેથી આદિવાસી લોકોને વાજબી ભાવ મળી રહે, પરંતુ કલેક્શન માટેના કોઇ નિયમો અથવા વ્યવસ્થાતંત્રના અભાવે, મોટાભાગની સીઝન દરમિયાન સ્થાનિક ધોરણે ભાવ પ્રતિ કિ.ગ્રા. રૂા. ૧૭ થી રૂા. ૨૦ મળ્યો હતો.

૯ મે, ૨૦૨૦ ના રોજ સ્થાનિક આદિવાસી મહિલાઓનું એફપીઓ જે સામાન્ય રીતે વર્મી કમ્પોસ્ટના ઉત્પાદન અને વેચાણ, સજીવ બિયારણનો પ્રસાર અને સ્થાનિક કેટરીંગ વ્યવસાયમાં જોડાયેલુ હતું તેમણે વનપેદાશ એકત્રિત કરનારા લોકોની સમસ્યાઓ અંગે તેની એક્ઝીક્યુટિવ બોડી તેમજ તેમને પ્રોત્સાહન આપતી સંસ્થા આનંદી સાથે ટેલીફોનિક મીટિંગમાં ચર્ચા કરી હતી. આનંદી દ્વારા તેમને વહીવટીય મદદ પૂરી પાડવામાં આવી હતી જેના કારણે મંડળી સમુદાય તેમજ વન પેદાશ એકત્રિત કરનારા લોકોને મદદરૂપ થવાનો નિર્ણય લઇ શકી હતી. જો કે, એનો અર્થ એવો થતો હતો કે સભ્યોએ ૨ દિવસની અંદર ઉત્પાદન માટે વધારે સારો બજાર ભાવ શોધીને મહુવાના ફૂલોના વેપારમાં મોટાપાયે વ્યસ્ત થઇ જવાનુ હતુ.

રતનમહલમંડળીના એક્ઝીક્યુટિવ સભ્યોએ મહુવાના ફૂલો માટે એવા ગામોમાં ૩ પ્રાથમિક એકત્રીકરણ કેન્દ્રો સ્થાપ્યા હતા જ્યાં તેમના ઘણા બધા સભ્યો સ્થિત હતા તેમજ સાથે સાથે ઉત્પાદનો માટે સ્થાનિક બજારોની પણ શોધ ચાલુ કરી હતી. થોડા પ્રયાસો બાદ, તેમને એક વેપારી મળ્યો હતો જેણે મહુવાના સૂકા ફૂલો માટે પ્રતિ કિ.ગ્રા. રૂા. ૪૦/- નો ભાવ આપવાની તૈયારી દર્શાવી હતી. એક્ઝીક્યુટીવ સભ્યોએ આ સમગ્ર કામગીરી સ્વૈચ્છિક ધોરણે ઉપાડી લીધી હતી અને મંડળીએ નક્કી કર્યુ હતુ કે આ તકલીફના સમયમાં તેઓ વન પેદાશ એકત્રિત કરનાર લોકોને વાજબી ભાવ મળી રહે એ માટે કોઇ પણ જાતનો નફો લીધા વિના આ કામ કરશે. લોકડાઉન દરમિયાન વન પેદાશ એકત્રિત કરનાર લોકો સુરક્ષાકર્મી પાસેથી જંગલમાં જવાની મંજૂરી લેવા સક્ષમ હતા કારણ કે આ જ તેમના માટે આજીવિકાનો એકમાત્ર સ્રોત હતો.

આ દરમિયાન “ફાડ મુનશી”- ગ્રામ સ્તરના પરવાનો ધરાવનાર એગ્રીગેટરનો ન તો ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો કે ન તો તેઓ સ્થાનિક ધોરણે તે મેળવી શકે એટલી રોકડ રકમ ધરાવતા હતા. થોડા દિવસમાં જ, મંડળીને ખ્યાલ આવ્યો કે કેટલાક વન પેદાશ એકત્રિત કરનાર લોકોને રોકડની જરૂર હતી જ્યારે ઘણા બધા મકાઇ અથવા ખાંડના બદલામાં તેમના ઉત્પાદનો બાર્ટર કરવાનું પસંદ કરતા હતા કારણ કે તેમના ગામમાં આ વસ્તુઓના પુરવઠાની તંગી હતી અને ભાવ વધારે હતા. આથી, મંડળીએ નજીકના તાલુકા મથકોએથી મોટા જથ્થામાં મકાઇ અને ખાંડ મેળવવાનું નક્કી કર્યુ હતુ. ખાંડ પ્રતિ કિ.ગ્રા. રૂા. ૪૦ ના ભાવે અને મકાઇ પ્રતિ કિ.ગ્રા. રૂા. ૨૨ ના ભાવે બજારમાંથી મેળવવામાં આવી હતી અને લોકો તેમની પસંદગી અનુસાર રોકડ અથવા આ વસ્તુઓના સ્વરૂપમાં મદદ કરવામાં આવી હતી.

આરએએસકેયુએમની એક્ઝીક્યુટિવ સમિતિને તકલીફનો ખ્યાલ આવી ગયો હતો પરંતુ તેઓ તેમની આવકનું રોકાણ મહુવાના ફૂલો લેવા બાબતે થોડીક આનાકાની પણ કરતા હતા કારણ કે તેમને સ્થાનિક વેપારીઓની ઘુસણખોરીનો ડર હતો.

મીટિંગો અને સંવાદ બાદ, તેઓ કલેક્શન કેન્દ્રો સ્થાપવા તૈયાર થયા હતા, જેના માટે સ્કેલ લાવવામાં આવ્યા તેમજ મહિલા ટીમની નિમણૂંક કરવામાં આવી હતી અને બેંકમાંથી રોકડ ઉપાડવાની શરૂઆત કરવામાં આવી હતી. બેંકમાંથી પૈસા ઉપાડવાની કામગીરી સૌથી વધારે અઘરી હતી કારણ કે તે સૌથી ભીડભાડવાળી જગ્યા હતી પરંતુ તેમણે તે કામગીરી પણ સંભાળી લીધી હતી.

## ફલશ્રુતિ અને શીખવા મળેલ બાબતો

એફપીઓના સેક્રેટરી, એક ૨૬ વર્ષીય યુવાન આદિવાસી મહિલાને આ સમગ્ર પ્રક્રિયામાં ખૂબ જ શીખવા મળ્યુ જેમ કે તાલુકા અધિકારીઓ પાસેથી અવરજવર માટે જરૂરી પાસ કેવી રીતે મેળવવા, તેમને તેમના ખાતામાંથી દરરોજ રોકડ મળી રહે એની ખાતરી કરવા માટે ૩૦ કિ.મી. દૂર આવેલી બેંક સાથે વાટાઘાટો કરવી, ખાંડ અને મકાઇને કલેક્શન કેન્દ્રો સુધી લઇ જવા માટે વાહન ભાડે કરવા, તેમના ઉત્પાદનને વધારે સમય રાખી મૂકવાનું વધારાનું જોખમ લીધા વિના વેપારીઓ સાથે તેનો સારો ભાવ મેળવવા માટે વાટાઘાટો કરવી, જેનો કોઇ પૂર્વ અનુભવ તેમને ન હતો.

પછીના ચાર અઠવાડિયામાં, મંડળી દાહોદના ૧૪ ગામોના વનપેદાશ એકત્રિત કરનાર ૨૨૫ લોકોને મદદરૂપ થવા માટે રૂા. ૬,૮૬,૦૦૦/- ના ભાવે ૧૬.૬૬ ટન મહુવાના ફૂલ એકત્રિત કરવા સક્ષમ બની હતી જેમાંથી એક મહિનાના ગાળામાં પ્રતિ કલેક્ટર/મહિલા ને સરેરાશ રૂા. ૩૦૪૮/- ની આવક થઇ હતી. મંડળીને ખ્યાલ આવ્યો હતો કે કોવિડના સમયમાં, મોટાભાવના મહુવાના ફૂલ એકત્રિત કરનાર લોકો પાસે રોકડ આવક ન હતી. ઘણા બધા સંઘર્ષો બાદ પીડીએસ દુકાનમાંથી અનાજ મેળવ્યા બાદ પણ લોકોને દાળ, શાકભાજી, તેલ અને મસાલાની જરૂર હતી જે પીએમજીકેએવાય હેઠળ પ્રદાન કરવામાં આવતા ન હતા. આથી મંડળીએ આ પહેલ અંતર્ગત વધારાનો ખર્ચ ભોગવી લેવાનું નક્કી કર્યુ હતુ.

તેમનો આત્મવિશ્વાસ વધ્યો છે અને આગામી વર્ષે, મંડળીએ સીઝનની શરૂઆતમાં જ આ વન પેદાશ એકત્રીકરણ કામગીરીમાં મોટાપાયે સામેલ થવાનું આયોજન કર્યુ છે જેથી વન પેદાશ એકત્રિત કરનાર લોકોને વન નિગમ તરફથી આપવામાં આવતી નજીવી રકમની જગ્યાએ તેમની મહેનતનો યોગ્ય ભાવ ઉપલબ્ધ કરાવી શકાય.

## સંપર્ક :

info@anandi-india.org

# 4. સ્થાનિક ઉત્પાદન અને માર્કેટિંગની તાકાતઃ કેરાલામાં શ્રીલક્ષ્મી મહિલા સંગઠન રાહ ચીંધે છે

## લેખકો: ઉષા એસ. અને અરૂણ આર. એસ

ફોટો સૌજન્યઃ થનલ



સામુદાયિક કિચન ગાર્ડન માટે બનાવવામાં આવી રહેલુ ખાતર

થનલ એ ૧૯૮૯ માં કુદરતપ્રેમીઓ દ્વારા સ્થાપવામાં આવેલુ સ્વૈચ્છિક સંશોધન અને સક્રિય જૂથ છે. ત્યારથી, તે જીવવૈવિધ્ય અને પર્યાવરણલક્ષી શિક્ષણ, તાલીમ અને વિવિધ સ્તરે હિમાયત કામગીરીમાં રોકાયેલ છે. છેલ્લા બે દાયકાથી તેઓ સજીવ ખેતી/એગ્રોઇકોલોજી અને ખાદ્યપદાર્થોની સર્વોપરિતા, ઝીરો વેસ્ટ, રાસાયણિક સલામતી અને આબોહવામાં બદલાવ જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. થનલ ખેડૂતો, સામુદાયિક સંસ્થાઓ, બિનસરકારી સંસ્થાઓ, પંચાયતો, વિદ્યાર્થીઓ સાથે પાયાના સ્તરે કાર્યરત છે, તે એમને આ વિષયો સંદર્ભે શિક્ષિત કરે છે, તાલીમ આપે છે અને સશક્ત બનાવે છે અને સાથે સાથે નીતિગત મુદ્દાઓ અંગે રાજ્ય સરકાર સાથે કાર્યરત છે. થનલ એ એવી સંસ્થાઓમાંથી એક છે જેણે ૨૦૦૩ માં ખેડૂતો અને ગ્રાહકોને એક સામાન્ય મંચ પર એકઠા કરીને સજીવ ખેડૂતો દ્વારા ઉત્પાદિત કરવામાં આવેલા સજીવ ઉત્પાદનોના માર્કેટિંગની શરૂઆત કરી હતી. થનલ બીજા જૂથો સાથે મળીને હિમાલયન રાજ્યોમાં આશા કિસાન સ્વરાજ નેટવર્ક ઝીરો વેસ્ટ સાથે ટકાઉ ખેતી અંગે રાષ્ટ્રીય સ્તરે કામ કરે છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે તે રાસાયણિક પદાર્થોથી સુરક્ષાની નીતિઓના મુદ્દા અંગે કામ કરે છે તેમજ છેલ્લા બે દાયકાથી તે આ જ કામગીરી માટે યુએસ કન્વેન્શનમાં નીરિક્ષક તરીકે કાર્યરત છે.

વેલ્લર એ કેરાલાના પ્રખ્યાત પર્યટક સ્થળ, કોવાલમની નજીક આવેલુ એક નાનકડુ દરિયાકિનારાનું ગામ છે. આ એક ગીચ વસતી અને ઓછી જમીન માલિકી ધરાવતી નાની, પહાડીવાળી અને સુંદર જગ્યા છે. આ પ્રદેશમાં ઘણા વર્ષોથી ખેતી એ આજીવિકાનો મુખ્ય સ્ત્રોત નથી. પરંતુ શાસનના સક્રિય વિકેન્દ્રીકરણ, મહિલા સ્વસહાય જૂથોની રચના, ખાદ્યપદાર્થ સુરક્ષા મુદ્દાઓ અંગે સજાગતા, ગાંધી સ્મારક નિધિ, થનલ અને વેંગાનૂર ગ્રામ પંચાયત જેવી વિવિધ એજન્સીઓ દ્વારા સજીવ ખેતીની તાલીમ વગેરેને લીધે લોકોની વિચારસરણીમાં વ્યાપક બદલાવ આવ્યો છે. ઘણા બધા નાના જમીનધારકોએ તેમની જમીનમાં ધીરે ધીરે શાકભાજી, કેળા, પપૈયા અને રતાળુ વાવવાની શરૂઆત કરી હતી. લગભગ ૭૦ જેટલા ખેડૂતો જેમને થનલ દ્વારા તાલીમ આપવામાં આવી હતી તેઓ છેલ્લા બે વર્ષથી ખૂબ જ સક્રિય બન્યા છે અને તેમણે તેમના પોતાના વપરાશ માટે અને પાછળથી વેચાણ અર્થે પણ સજીવ શાકભાજીનું ઉત્પાદન

ફોટો સૌજન્યઃ થનલ




સંગઠન પાસેથી બિયારણ મેળવી રહેલી એક મહિલા ખેડૂત

કરવાની શરૂઆત કરી હતી. તેમાંથી મોટાભાગની મહિલા ખેડૂતો છે. શરૂઆતમાં તેઓ તેમના પરિવારની મદદ લઇને વ્યક્તિગત રીતે ખેતી કરતી હતી પરંતુ ત્યારબાદ તેમાંથી કેટલાકે નાનકડા જૂથો રચવાની શરૂઆત કરી હતી.

શ્રીલક્ષ્મી મંડળીની રચના ૨૦૧૮ માં ૧૫ મહિલા ખેડૂત સભ્યો (જેમાંથી મોટાભાગની ૩૫-૭૦ ની વયજૂથ ધરાવતી હતી) સાથે થઇ હતી જે સજીવ શાકભાજીના ઉત્પાદન અને વેચાણમાં સક્રિય રીતે કાર્યરત છે. આ જૂથ ૩.૫ એકર વિસ્તારમાં વાવેતર કરે છે. તેઓ હાલમાં બિયારણ અને સજીવ ઇનપુટ્સના સંદર્ભમાં આત્મનિર્ભર છે. તેઓ હાલમાં બિયારણ અને સજીવ ઇનપુટ્સના સંદર્ભમાં લગભગ આત્મનિર્ભર છે. લોકડાઉન દરમિયાન તેમને ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવો પડયો હતો, માર્કેટિંગ તેમના માટે મોટો પડકાર બન્યુ હતુ. પરિવારો કામ કરવા માટે બહાર જઇ શકતા ન હોવાથી તેમણે તેમની આવક ગુમાવી હતી. આ વિસ્તારના મોટાભાગના લોકો દૈનિક ભથ્થા પર કામ કરતા શ્રમિકો છે અથવા તો હોટલમાં, દુકાનોમાં અને કોવાલમ પર્યટન સ્થળની અંદર અથવા આસપાસ આવેલા આવા અન્ય મહેકમમાં કામ કરે છે. આમાંના મોટાભાગના મહેકમ મહામારીને કારણે બંધ થઇ ગયા હતા. સરકારે ખાદ્ય પદાર્થો અને અન્ય પ્રાથમિક જરૂરિયાતો આપીને તાત્કાલિક રાહત કામગીરી કરી હતી. પરંતુ પરિવારો આર્થિક રીતે તૂટી ગયા હતા. મહામારી દરમિયાન, સરકારે ખાદ્યસામગ્રી અને રહેવાની સુવિધા પ્રદાન કરીને લાખો સ્થળાંતરિત શ્રમિકોને મદદરૂપ થવા માટે ઝડપથી કામગીરી હાથ ધરી હતી. પંચાયતોએ ઘણા બધા સ્થાનિક જૂથો, ધંધાદારી મહેકમ, પરિવારો અને કુટુમ્બશ્રી જૂથની મદદથી  સામુદાયિક રસોડા (કમ્યુનિટી કિચન) શરૂ કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. આ પ્રક્રિયાને કારણે એવા ખેડૂતો જેમને તેમના ઉત્પાદનો વેચવામાં અને શેર કરવામાં મુશ્કેલી પડતી હતી તેમને ઘણી મદદ થઇ હતી. આ કમ્યુનિટી કિચનના કારણે એકલા રહેતા વૃધ્ધ લોકો, બિમાર લોકો તેમજ આહાર માટે હોટલ પર નિર્ભર રહેવુ પડતુ હોય એવા લોકોને પણ ઘણી મદદ થઇ હતી.

લોકડાઉન દરમિયાન કોઇ પરિવહન સુવિધા ઉપલબ્ધ ન હોવાને કારણે મહિલા ખેડૂતો તેમના શાકભાજી, જે ઝડપથી સડી જાય છે તે વેચવા બજારમાં જઇ શકતી ન હતી. થોડા સમય બાદ, શ્રીલક્ષ્મી જૂથના કેટલાક સક્રિય સભ્યોને ખ્યાલ આવ્યો કે તેમના પાડોશીઓને આ શાકભાજીની જરૂર હતી અને તેમણે આ લોકોને તેમના ટેલીફોન કોલ્સ દ્વારા તેમજ તેમના વોર્ડના સભ્યો દ્વારા અલગ તારવ્યા હતા. આ રીતે, તેમણે પ્રારંભિક ધોરણે ૨૫ ઘરોમાં શાકભાજી પૂરા પાડવાથી શરૂઆત કરી હતી. આ પ્રક્રિયા દ્વારા, આ મહિલા જૂથ તેમના પોતાના ખેતરમાં ઉગાડેલા વિવિધ પ્રકારના શાકભાજી દ્વારા ૨૫ પરિવારના ૯૦ લોકોને જમાડી શક્યુ હતુ જેમાં બાળકોનો પણ સમાવેશ થાય છે, જે તેમના જીવનની સૌથી સંતોષપૂર્ણ  ક્ષણ હતી. સારા સૂર્યપ્રકાશ અને નિયમિત અંતરાલે આવતા વરસાદના કારણે ઉત્પાદન પણ વધ્યુ હતુ. આ ઉપરાંત, લોકો પાસે તેમના ખેતરની કાળજી લેવા માટે સમય પણ હતો. લોકડાઉન દરમિયાન, ઓર્ગેનિક બજારના કર્મચારીઓએ (થનલ દ્વારા ત્રિવેન્દ્રમમાં શરૂ કરવામાં આવેલ એક ઓર્ગેનિક સોશિયલ એન્ટરપ્રાઇઝ - ઘઘઘ.દ્વરગઅનાચ-બઅઝઅઅર.ાન ) તમામ સજીવ ખેડૂતોને તેમની સમસ્યાઓ સમજવા માટે કોલ કર્યો હતો.

ઓર્ગેનિક બજાર તેમના ખેતરમાંથી શાકભાજી એકત્રિત કરવા આગળ આવ્યુ હતુ અને મહિલા જૂથ માટે આ બહુ મોટી મદદ હતી. આના લીધે ઘણા બધા સ્થાનિક નાના ઉત્પાદકોને પ્રેરણા મળી હતી અને તેમાંના ઘણા બધાએ શ્રીલક્ષ્મી મહિલા જૂથ પાસેથી બિયારણ મેળવ્યુ હતુ અને શાકભાજી વાવવાની શરૂઆત કરી હતી. આ મહિલાઓએ નવા સભ્યોને સજીવ શાકભાજીના વાવેતરમાં મદદરૂપ થઈને સંસાધન ટીમ તરીકે કામગીરી કરી હતી.

મહામારીને કારણે રાજ્યમાં ખાદ્ય પદાર્થોના ઉત્પાદન અંગે વધારે ચર્ચાઓ થઇ હતી અને સરકારે રાજ્યમાં શાકભાજી, કંદમૂળ અને ફળોનું ઉત્પાદન વધારવાનો નિર્ણય કર્યો હતો. ખેતી વિભાગ અને કુદુમ્બશ્રી મિશને પણ બિયારણ પૂરા પાડવાની શરૂઆત કરી હતી. શ્રીલક્ષ્મી જૂથના સભ્યોને કુદુમ્બશ્રી મિશન તરફથી પણ થોડી મદદ મળી હતી. આ અનુભવમાંથી શીખવા મળેલ ચાવીરૂપ બોધપાઠ એ હતો કે સ્થાનિક સંગઠન દ્વારા સ્થાનિક ધોરણે ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરવાની જરૂર છે અને બીજું એ કે, ઉત્પાદનના આયોજન અને માર્કેટિંગ માટે સ્થાનિક વ્યવસ્થા વિકસાવવાની જરૂર છે.

ફોટો સૌજન્યઃ થનલ



ચંદ્રિકા અમ્મા તેમના કિચન ગાર્ડનમાં

# 5. મહામારી દરમિયાન કોરચીમહાગ્રામસભાની પહેલ

## લેખકો: કુમારી બાઇજામકટન, કોરચી જીલ્લો, ગડચીરોલી

ફોટો સૌજન્યઃ ઓમીતા બાવનકર



મહિલા આગેવાનોને ખરીફ ઋતુ દરમિયાન ખેતીલક્ષી વિષયો જેવા કે કિચન ગાર્ડન, સજીવ ખેતી, ગૌણ પેદાશ, સરકારના ભાવ અને સ્થાનિક બિયારણ તથા વાવણી વગેરે પર માર્ગદર્શન અને પોસ્ટર પ્રદર્શન

### આમહી આમચ્યા આરોગ્યસાથી અંગે

આમહીઆમચ્યાઆરોગ્યસાથી(એએએ) એક બિન સરકારી સંસ્થા છે જેની શરૂઆત ૧૯૮૪ માં થઇ હતી. તેના મૂળ શ્રી જયપ્રકાશ નારાયણ દ્વારા ૧૯૭૦ માં શરૂ કરવામાં આવેલા સંપૂર્ણ ક્રાંતિ આંદોલનમાં રહેલા છે. એએએ ના સ્થાપક સભ્યો જયપ્રકાશ નારાયણની વિચારધારાથી પ્રેરિત હતા. આ સંસ્થા સમુદાયને આત્મનિર્ભર અને સશક્ત બનાવવામાં તેની ભૂમિકા માટે જાણીતી છે. સંસ્થા ગ્રામીણ સમુદાયોને સામાજીક બદલાવ માટે ઇરાદાપૂર્વક કોઇ પણ 'વાદ'ને અપનાવવાની ફરજ પાડયા વિના મદદરૂપ થાય છે. તે લોકોને તેમની સમસ્યાઓ માટે તૈયાર ઉકેલ આપવાની જગ્યાએ તેમના આગવા ઉકેલ શોધવાની પ્રક્રિયામાં મદદરૂપ થાય છે, તેના સ્થાપક સભ્યો દ્વારા એક પ્રકારની સ્વ-સહાય ચળવળ શરૂ કરવામાં આવી હતી. એએએ દ્વારા વિવિધ ક્ષમતાવર્ધન સંસ્થાઓ જેવી કે સ્વસહાય જૂથોના ક્લસ્ટર ફેડરેશન, ક્રાંતિજ્યોતિમહિલા સંગઠન, જનકલ્યાણઅપંગજનસંગઠન અને મહાગ્રામસભા(ગડચીરોલી જીલ્લાના કોરચી તાલુકામાં તાલુકા સ્તરની સંસ્થા) નું નિર્માણ કરવામાં આવ્યુ છે. મહાગ્રામસભા એ રજીસ્ટર ન થયેલી સ્વાયત્ત સંસ્થા છે જે બંધારણીય ગ્રામ સભાઓ અથવા ગ્રામસભાઓનું એક છૂટક મંચ છે.

કોરચી તાલુકામાં ૮૦ ગ્રામસભાઓનું સભ્યપદ છે. તેની સ્થાપના શાસનના દરેક સ્તરમાં ગ્રામસભાઓનું લોકશાહીકરણ કરવાના વિચાર સાથે કરવામાં આવી હતી. કોરચીમહાગ્રામસભા દ્વારા વિવિધ મુદ્દાઓ પર કામગીરી હાથ ધરવામાં આવે છે જેમ કે; વન અધિકાર અધિનિયમનું અમલીકરણ; સરકારી પ્રોજેક્ટ માટે કરવામાં આવતા જમીન સંપાદન વિરુધ્ધ લડત(દા.ત. આંતરરાજ્ય વીજપુરવઠા લાઇન, આયર્ન ઓર બહિષ્કાર); તેંદુના પાન માટે હરાજી વગેરે. તેમણે તાજેતરમાં ગડચીરોલીના ઇટ્ટાપલ્લી તાલુકામાં પૂરગ્રસ્ત થયેલા જરૂરિયાતમંદ લોકોની પણ મદદ કરી હતી. એએએની મુખ્ય ભૂમિકા સમગ્ર જીલ્લામાં આ સંસ્થાઓ નિર્માણ કરવા માટે મદદ પ્રદાન કરવાની છે. મહામારી દરમિયાન આ ગ્રામસભાઓ આગળ આવી હતી અને તેમણે ખાદ્યપદાર્થો અને અન્ય જરૂરી વસ્તુઓ પ્રદાન કરીને જરૂરિયાતમંદ લોકોની મદદ કરી હતી.

ફોટો સૌજન્યઃ ઓમીતા બાવનકર




મહિલાઓના સંગઠન સાથે વાર્તાલાપ કરી રહેલા કુમારીબાઇ

## Efforts of the Gramsabha

કોવિડ-૧૯ એ લોકો માટે કમાણી કરવાનું મુશ્કેલ બનાવીને વિશ્વભરમાં ભારે તારાજી સર્જી છે. આ સાથે જ લોકો પાસે નોકરીની કોઇ ગેરંટી નથી, વનપેદાશ એકત્રિત કરવાની કોઇ તક નથી અને તેને જાહેરમાં વેચવાની પણ કોઇ તક નથી. આવી પરિસ્થિતિમાં, ગડચીરોલી જીલ્લાના કોરચી તાલુકામાં ગ્રામસભાના કેટલાક આગેવાનો એકઠા થયા અને વિચાર્યુ કે કોવિડ-૧૯ લોકડાઉનએ લોકોનું જીવન મુશ્કેલ બનાવી દીધુ છે. તેમણે ગ્રામસભાના ફંડમાંથી આવશ્યક સામગ્રીનું વિતરણ કરવાનું નક્કી કર્યુ હતુ. ત્યારબાદ તેમણે ઘરે ઘરે જઇને લોકોની જરૂરિયાતો અંગે પૃચ્છા કરીને જરૂરી વસ્તુઓની એક યાદી તૈયાર કરી હતી. તેમણે ગ્રામસભામાં એક કાયદેસર ખરડો પસાર કર્યો હતો અને ગામમાં એક નાનકડા કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ. ખાસ કરીને, એકલી રહેતી મહિલાઓ, દિવ્યાંગ લોકો અને સૌથી વંચિત જૂથને પ્રાથમિકતા આપવામાં આવી હતી. સકોરચી તાલુકામાં ગહનેગટા, સાલ્હે, ઝનકાર ગોંડી અને કુકડેલમાં ચાર ગ્રામ સભાઓ દ્વારા સુરક્ષાની તમામ કાળજી રાખીને જેમ કે માસ્ક પહેરવા, સેનિટાઇઝરનો ઉપયોગ કરવો અને જરૂરી શારીરિક અંતર જાળવીને રાશનની કિટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રાશન કિટમાં જીવનજરૂરી વસ્તુઓ જેવી કે ચોખા, દાળ, લાલ મરચું, મીઠુ, તેલ, બટાકા, ડુંગળી, સાબુ, ખાંડ, ચા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. એકલી રહેતી મહિલાઓને મકામ, વિવિધ સંગઠનો અને આમહીઆમચ્યાઆરોગ્યસાથી દ્વારા આવશ્યક ચીજવસ્તુઓ, ખેતી માટે બિયારણ, કિચન ગાર્ડન માટે સજીવ ખાતર અને બિયારણ પ્રદાન કરવામાં આવ્યા હતા. પીડબલ્યુડી અને એકલી રહેતી મહિલાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યુ હતુ.

આ દરમિયાન, કુકડાલે ગ્રામસભાએ લોકોને રોજગાર પૂરો પાડવાનું આયોજન કર્યુ હતુ અને ટાવર લાઇન સ્થાપવામાં થયેલા નુક્સાનને કારણે મળેલી વળતરની રકમમાંથી ખુલ્લી જમીનો પર વૃક્ષો વાવ્યા હતા. ૧૧૦ પરિવારોના ૧૧૦ લોકો દ્વારા ૫૫૦૦ ખાડા ખોદવામાં આવ્યા હતા એટલે કે દરેક વ્યક્તિએ ૫૦ ખાડા ખોદયા હતા. આ પરિવારોને પ્રતિ દિન રૂા. ૨૫૦/- લેખે ભથ્થુ ચૂકવવામાં આવ્યુ હતુ અને કામ પૂર્ણ કરવામાં આવ્યુ હતુ.

## વિકેન્દ્રિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં આવતા અવરોધો

મહાગ્રામસભાઓ દ્વારા આ દ્રષ્ટાંતરૂપ કામગીરી થઇ રહી હતી ત્યારે જીલ્લા કલેક્ટરે ગ્રામસભાઓ દ્વારા કરવામાં આવેલા સક્રિય રાહત કાર્યોમાં અનિયમિતતાઓને ટાંકીને ગ્રામસભાઓના ખાતા એકતરફી સીલ કરી દીધા હતા. જીલ્લા કલેક્ટર દ્વારા લેવામાં આવેલા આ પગલાંને પરિણામે લોકોને ખૂબ જ તકલીફ વેઠવી પડી હતી.

આ સમયે, માર્ગદર્શક સંસ્થા 'આમહીઆમચ્યાઆરોગ્યસાથી' અને કોરચી તાલુકાની મહાગ્રામ સભાએ આ ગ્રામસભાઓની નોંધો અપડેટ કરી હતી અને સરકારને જરૂરી અહેવાલ તૈયાર કરવામાં મદદ કરી હતી. જો કે, જીલ્લા

કલેક્ટરે આ હિસાબોને નકારી દીધા હતા અને એ હકીકતને પણ નકારી દીધી હતી કે ગ્રામ સેવક અથવા ગામના મંત્રી વન અધિકાર અધિનિયમ અથવા પેસા અધિનિયમ હેઠળ રચાયેલી વન અધિકાર સમિતિ અથવા વન અધિકાર નીરિક્ષણ સમિતિના હિસાબોમાં સહી કરવાની સત્તા ધરાવતા હોવા જોઇએ. આ પ્રક્રિયા એવી ધમકી આપીને બંધ કરાવવામાં આવી હતી કે ગ્રામ સભાના ખાતામાં જે રકમ છે તે કોષ સમિતિના ખાતામાં ટ્રાન્સફર કરી દેવામાં આવશે. ત્યારે કોરચી અને કુરખેડા તાલુકાની ૧૯ , ગ્રામસભાઓએ સાથે મળીને તેમના પોતાના ખર્ચે અદાલત કેસ ફાઇલ કર્યો હતો, તેમણે તેંદુના પાન અને લાકડા સિવાયની અન્ય વનપેદાશમાંથી મળતા ભથ્થા અને રોયલ્ટીના વિતરણ માટે હંગામી ખાતા ખોલાવ્યા હતા. જો કે, કેસ હજુ પણ હાઇકોર્ટમાં અનિર્ણિત જ છે અને તેમને હજુ પણ વળતરના પૈસાનો ઉપયોગ કરવાની છૂટ મળી નથી.

મહાગ્રામસભાએ જીલ્લા વહીવટીવિભાગના રોષનો સામનો કર્યો હતો પરંતુ આ સમગ્ર પક્રિયામાંથી પસાર થઇને તે વધારે મજબૂત બની છે.

# 6. પરિવર્તન તરફ પ્રયાણ અને સંકટના સમયમાં સજીવ ખેતીનો વિકલ્પ અપનાવવા

## કેસ સ્ટડી - એચડીઆરસી

લેખકોઃ રાજેશ લકુમ અને સુનીતા મેન્ડોજા

ફોટો સૌજન્યઃ કમળાબેન એસ. સમીર



ફિલ્ડ ડે-કાળા ચણા ''ડોલરીયા ચણા'' જયાબેન બી. ડામોર ગામઃ નવાઘરા, તાલુકોઃ મેઘરજ, જીઃ અરવલ્લી

એચડીઆરસી, ગુજરાતમાં આવેલી એક સંસ્થા છે જેને દલિત અધિકાર આંદોલન, મહિલા સશક્તિકરણ, બાળ અધિકારો, જમીનના અધિકારો, આદિવાસી અને વન અધિકારો, સ્થાયી રહેઠાણ અને ગુજરાતના વંચિત લોકો માટે સ્વાસ્થ્ય, શિક્ષણ અને આજીવિકા કાર્યક્રમો માટે છેલ્લા પાંચ દાયકાથી પણ વધારે સમયથી કામ કરવાનો અનુભવ છે. તેનો ઉદ્દેશ અધિકાર-આધારિત અભિગમ દ્વારા આ ગરીબ સૂક્ષ્મ-સમુદાયોની સામાજીક બાદબાકીનો અંત લાવવાનો છે એટલે કે હાંસિયામાં ધકેલાઇ ગયેલા સમુદાયો બંધારણ અને કાયદાની જોગવાઇઓ જાણી શકે અને તેમના હક માટે દાવો કરી શકે એ માટે ગરીબોના આ અધિકારોના સન્માન, સુરક્ષા અને ખાતરીપૂર્ણ અમલીકરણ માટે જવાબદાર એવા વ્યક્તિઓ અને સંસ્થાનોની ક્ષમતાઓના મજબૂતીકરણ અને વિશ્વસનીયતામાં વધારો કરીને તેમનું સશક્તિકરણ કરવુ. એચડીઆરસી પ્રત્યક્ષ દરમિયાનગીરી પ્રોગ્રામો દ્વારા ક્ષમતાવર્ધન સંસ્થાઓનું મજબૂતીકરણ કરવાના પ્રયાસો કરે છે જેથી અંતમાં આવી જે પણ પહેલ કરવામાં આવી હોય તેની માલિકી, નિયંત્રણ અને પ્રબંધન ફક્ત આવા લોકો અને જૂથોના હાથમાં રહે. હાલમાં એચડીઆરસી ગ્રામીણ અને શહેરી ગુજરાત બંનેમાં થઇને ૧૧ જીલ્લાના ૨૭ તાલુકામાં વંચિત સમુદાયો સાથે કાર્યરત છે.

૨૪ માર્ચ, ૨૦૨૦ ના રોજ ભારત સરકારે કોવિડ-૧૯ ની વૈશ્વિક મહામારીના સંદર્ભમાં કોરોના વાઇરસને ફેલાતો અટકાવવા માટે રાષ્ટ્રવ્યાપી લોકડાઉન જાહેર કર્યુ હતુ. સમગ્ર દેશને સળંગ ત્રણ અઠવાડિયા સુધી સંપૂર્ણપણે થંભાવી દેવાના અચાનક અને ઉતાવળિયા આયોજનને કારણે લાખો વંચિત લોકોને તેમનું આયુષ્ય ટકાવી રાખવા માટે ખાદ્યપદાર્થો અને અન્ય પ્રાથમિક આવશ્યકતાઓની જરૂર પડી હતી. આના કારણે ઘણા બધા લોકોને ભારે હાડમારી ભોગવવી પડી હતી, ખાસ કરીને વંચિત અને હાંસિયામાં ધકેલાઇ ગયેલા સમુદાયોના લોકોને. લાખો સ્થળાંતરિત શ્રમિકો, દૈનિક આવક પર નભનારા, નાના ફેરિયાઓ, ગરીબ વિધવાઓ, વૃધ્ધ લોકો પર આ અચાનક આવી પડેલા લોકડાઉનને કારણે ખૂબ જ ખરાબ અસરો થઇ હતી. અનુગામી લોકડાઉન અને વાઇરસના ફેલાવામાં થઇ રહેલા

વધારાએ આ વંચિત વર્ગ પર થનારી મહામારીની લાંબાગાળાની અસરો અંગેની નિસબતમાં વધારો કર્યો હતો, કારણ કે આ એવો વર્ગ છે જેના પર કોઇ પણ અથવા તમામ કુદરતી અથવા માનવસર્જીત આફતોની સૌથી વધારે અસર થાય છે.

ઉપર જણાવેલ વર્ગો સિવાય, ખેડૂતો પણ એક મોટો સમુદાય છે જે લોકડાઉનને કારણે થયેલા નુક્સાનનો સામનો કરી રહ્યા છે. ખેડૂતો તેમની પોતાની જમીન પર જઇ શકતા ન હતા જેના કારણે તેમના પાકને અસર થઇ હતી, કેટલાક કેસમાં તો આખો પાક જ ખરાબ થઇ ગયો હતો કારણ કે ખેડૂતો તેમના પાકની દેખરેખ રાખી શકવા સક્ષમ ન હતા. ખાસ કરીને, મહિલા ખેડૂતોની સ્થિતિ ખૂબ જ ગંભીર હતી. પરિસ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવતા, એચડીઆરસી દ્વારા ઝડપી મદદ પહોંચાડવામાં આવી હતી. આ સમયે, સંસ્થાના પૂર્વાવલોકન હેઠળ મહિલા ખેડૂતોના જૂથોની વર્તમાન પરિસ્થિતિનો તાગ મેળવવામાં આવ્યો હતો. વિશ્વસનીય સૂત્રો પાસેથી એકઠી કરેલી માહિતીના આધારે એ જાણી શકાયુ કે આ ઋતુ સંપૂર્ણપણે નકામી ગઇ છે અને આ મહિલા ખેડૂતો પાસે તેમની દૈનિક ખાદ્ય જરૂરિયાત પૂરી કરવા માટે પણ આવકનું કોઇ સાધન બચ્યુ ન હતુ.

ઉપર જણાવેલ પરિસ્થિતિને ધ્યાનમાં લઇને, અરાવલી જીલ્લાના મેઘરાજ તાલુકાના ૧૦ અલગ અલગ ગામોમાં વસતી મહિલા ખેડૂતોને તારવવામાં આવી હતી. તાત્કાલિક રાહતના ભાગરૂપે, એચડીઆરસી દ્વારા આ મહિલાઓને રાશન કિટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુલ ૨૮૦ કિટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ, રાશનની એક કિટમાં એટલી ખાદ્ય સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો હતો જે એક નાના પરિવારની ૧૫ દિવસથી વધારેની ખાદ્ય જરૂરિયાતને સંતોષી શકે. લોકડાઉનને કારણે, આ મહિલાઓ ન તો તેમના ઘરની બહાર જઇ શકતી હતી, ન તો તેમની પાસે તેમનું ગુજરાન ચલાવવા માટે પૈસા હતા. તકલીફના આ સમયમાં એચડીઆરસી દ્વારા પ્રદાન કરવામાં આવેલી આ રાશન કિટ આ મહિલાઓને તેમની દૈનિક ખાદ્ય જરૂરિયાતો પૂરી કરવામાં ખૂબ જ મદદરૂપ નીવડી હતી.

આ સમગ્ર કામગીરી દરમિયાન, મહિલા ખેડૂતોએ બિયારણ અને સજીવ પેસ્ટીસાઇડ્સ પૂરા પાડવા માટે વિનંતી કરી હતી જેથી તેમને પાકના વાવેતરમાં મદદરૂપ થઇ શકે. તેમની વિનંતીને વાસ્તવિક સ્વરૂપ આપવા માટે, એચડીઆરસી અને ડબલ્યુજીડબલ્યુએલઓ દ્વારા તેમને આમાં મદદરૂપ થવાનું નક્કી કરવામાં આવ્યુ હતુ જેથી તેમની પરિસ્થિતિમાં સુધાર લાવી શકાય. લગભગ ૩૦૦ મહિલા ખેડૂતોને આનો લાભ મળ્યો હતો અને લોકડાઉનને કારણે તેમની ઉપજ પર થયેલી ખરાબ અસર છતાં પણ તેઓ આત્મનિર્ભર બની શકે એ માટે આ મહિલાઓને ગુણવત્તાસભર બિયારણ અને સજીવ ખાતર પ્રદાન કરવામાં આવ્યા હતા. તેમને વાવેતર માટે મુખ્યત્વે મકાઇ, ચણા, અડદ અને મગની વિવિધ જાતના બિયારણ આપવામાં આવ્યા હતા, જ્યારે ભીંડા, દૂધી, કાકડી વગેરેના બીજ તેમને તેમના કિચન ગાર્ડન માટે

ફોટો સૌજન્યઃ કમળાબેન એસ. સમીર






(ડાબે) ઘઉં ''ટુકડી ઘઉં'' ભાવનાબેન એસ. વરસાત ગામઃ પહાડીઆ, તાલુકોઃ મેઘરજ, જીઃ અરવલ્લી, ગુજરાત; (મધ્યેથી ડાબે) ઘઉં ''ટુકડી ઘઉં'' સુમિત્રાબેન એસ. ખાંટ ગામઃ વલુણા, તાલુકોઃ મેઘરજ, જીઃ અરવલ્લી, ગુજરાત; (મધ્યેથી જમણે) દેશી રાઇના બીજ મંજુલાબેન આર. ખાંટ ગામઃ વલુણા, તાલુકોઃ મેઘરજ, જીઃ અરવલ્લી, ગુજરાત; (જમણે) કાળા ચણા ''ડોલરીયા ચણા'' ભાનુબેન એમ. ખાંટ ગામઃ વલુણા, તાલુકોઃ મેઘરજ, જીઃ અરવલ્લી.

આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત, આપવામાં આવી રહેલા સહકારના ભાગરૂપે, ૧૦ અલગ અલગ ગામોની મહિલાઓને ખેતરમાં સજીવ ખાતર અને સજીવ પેસ્ટીસાઇડ્સ બનાવવા માટે નિષ્ણાંતની મદદ અને પ્રાથમિક તાલીમ આપવામાં આવી હતી જેના કારણે તેમના ખર્ચમાં ઘટાડો થયો હતો.

આ પ્રોગ્રામની શરૂઆતમાં, મોટાભાગની મહિલાઓ એચડીઆરસી દ્વારા વિતરિત કરવામાં આવેલી કિટ લેવા અંગે ખચકાટ અનુભવતી હતી. તેમને ખરેખર જરૂર હોવા છતાં, ઘણી બધી મહિલાઓએ આ કિટ કદાચ કોવિડ-૧૯ ચેપગ્રસ્ત હશે એવા ડરથી તે લેવાની ના પાડી દીધી હતી. પરંતુ આ મહિલાઓ અને અન્ય આવા જૂથોને એચડીઆરસીના ઉદ્દેશ વિશે સમજ આપવામાં આવી અને તેમને તેમના ગામના આગેવાનો દ્વારા આ કિટ તૈયાર કરતા પહેલા કેવી રીતે તેને સેનિટાઇઝ કરવામાં આવે છે અને ત્યારબાદ જ તેનુ વિતરણ કરવામાં આવે છે તેની વિગતવાર માહિતી આપવામાં આવી.

જો કે આ કિટમાં ૧૫ દિવસના ભોજનની વ્યવસ્થા થાય એટલા જથ્થામાં ચીજવસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો પરંતુ મહિલાઓએ આ કિટનો ઉપયોગ કરીને તેમના જીવનનો સૌથી અઘરો સમય પસાર કર્યો હતો. કેટલાક કેસમાં તો તેમણે આ કિટ એક મહિના સુધી ચલાવી હતી કારણ કે આવા મુશ્કેલ સમયમાં ટકી રહેવા માટે તેમની પાસે આ એકમાત્ર સ્રોત હતો. બિયારણે તેમની આવનારી ઋતુ બચાવી લીધી હતી!

ફોટો સૌજન્યઃ કમળાબેન એસ. સમીર







(ડાબે) એસઆઇઆર પધ્ધતિથી ઘઉં ''ટુકડી ઘઉં''; (મધ્યે) વિવિધ પ્રકારના રીંગણ અને મરચાં - કિચન ગાર્ડન, સેજલબેન એમ. ખાંટ; (જમણે) પહાડીયા ગામની મેઘરજ બિયારણ બેંક દ્વારા વિતરિત કરાયેલા લાલ મકાઇના બીજ

# 7. કોવિડ-૧૯ ના પ્રતિભાવરૂપે મહિલા ખેડૂતોના ખાદ્યઉત્પાદનો અને ખેતી સાથે અનુરૂપ એવી ઇમારત

લેખકઃ ડબલ્યુજીડબલ્યુએલઓ

ફોટો સૌજન્યઃ ડબલ્યુજીડબલ્યુએલઓ



મહિલા ખેડૂતો સાથે અભિયાનની પ્રવૃત્તિ અંતર્ગત અનાજની સુરક્ષા અંગે માહિતીનું આદાનપ્રદાન કરી રહેલા મહિલા કિસાન સખી, કાજલ - સમર્થન મહિલા વિકાસ સંગઠન, ઘોઘા, ભાવનગર

ધ વર્કિંગ ગ્રુપ ફોર વીમેન લેન્ડ ઓનરશીપ (ડબલ્યુજીડબલ્યુએલઓ), એ બિન સરકારી સંસ્થાઓ અને ક્ષમતા વર્ધન સંસ્થાઓનું નોંધાયેલુ નહી પરંતુ ઔપચારિક નેટવર્ક છે જે વર્ષ ૨૦૦૨ થી ગુજરાતમાં મહિલાઓને જમીનના હકો અને માલિકી મળી રહે એ માટે કાર્યરત છે. છેલ્લા ૧૮ વર્ષોમાં, નેટવર્કે મહિલાઓના જમીનના અધિકારોને અગ્રીમતા અપાવવા; મહિલા ખેડૂત તરીકે તેમની ઓળખ સ્થાપિત કરવા; અને તેમને ઉત્પાદક સંસાધનો અને હકો ઉપલબ્ધ કરાવવા કામ કર્યુ છે. ડબલ્યુજીડબલ્યુઓ એ વિવિધ વ્યૂહરચનાઓ અને મોડેલને અપનાવ્યા છે જેમ કે સમુદાય આધારિત પેરા લીગલ વર્કસ; સ્વ-ભૂમિ કેન્દ્રો તરીકે ઓળખાતા તાલુકા કક્ષાના સંસાધન કેન્દ્રો, અને તેમાંથી શીખવા મળેલ બાબતો જે સમાન વિચાર ધરાવતા સિવિલ સોસાયટી નેટવર્ક અને સરકાર સાથે શેર કર્યા છે. સ્વ-ભૂમિ કેન્દ્રો, પેરાલીગલની કમ્યુનિટી કેડર તેમજ મહિલાકિસાન સખી મધ્ય, ઉત્તર-પૂર્વીય અને દક્ષિણ ગુજરાતના ૧૧ જીલ્લા અને ૧૫ તાલુકાના ૨૨૫ ગામોમાં આદિવાસી, સામંત, પશુપાલક અને અન્ય હાંસિયામાં ધકેલાઇ ગયેલા ખેતીલક્ષી કામો સાથે સંકળાયેલા સમુદાયોની મહિલા ખેડૂતો સાથે સક્રિય રીતે કાર્યરત છે.

કોવિડ-૧૯ પરિસ્થિતિની વચ્ચે અને ત્યારબાદ, ગ્રામીણ અર્થતંત્ર અને ગ્રામીણ આજીવિકાઓ ગંભીર રીતે અસરગ્રસ્ત થઇ છે અને હાલમાં તેઓ ધીમી ગતિએ પૂર્વવત્ પરિસ્થિતિ અને આજીવિકા ફરીથી ઉભી કરવા તરફ આગળ વધી રહ્યા છે. જમીનના ઉત્પાદક સંસાધનો, ખેતીવિષયક સૂચનો, ટેકનોલોજી, ઉધાર, માહિતી અને હકદાવો પ્રસ્તુત કરવાના જોડાણોની મર્યાદિત ઉપલબ્ધિ ધરાવતી મહિલા ખેડૂતો માટે ખેતીની આવનારી ઋતુઓએ તેમના પરિવારની જીવનનિર્વાહની જરૂરિયાતોને પહોંચી વળવાનો વધારાનો તનાવ ઉભો કર્યો હતો.

જ્યારે ડબલ્યુજીડબલ્યુઓએ તેના સભ્યોને મહિલા ખેડૂતોને અનુભવવી પડેલી મુશ્કેલીઓ અંગે પૂછ્યુ હતુ, તેમને જાણવા મળ્યુ હતુ કે ૯૦% જેટલી મહિલાઓએ તેમના છેલ્લા રવિ પાકના વેચાણમાં નુકસાન થયુ હોવાની લાગણી વ્યક્ત કરી હતી. દક્ષિણ ગુજરાતના તાપી જીલ્લામાં શાકભાજી ઉગાડનારા ખેડૂતોએ જણાવ્યુ હતુ કે લોકો તેમનો

ફોટો સૌજન્યઃ ડબલ્યુજીડબલ્યુએલઓ



ખરીફ ઋતુની ખેતી માટે મહિલા ખેડૂતોને બિયારણની કીટ વિતરિત કરી રહેલા મહિલા કિસાન સખી કનક-સ્વાતિ, પાટડી, સુરેન્દ્રનગર

શાકભાજીનો પાક નષ્ટ કરી રહ્યા હતા, એક એવી અફવા ફેલાઇ રહી હતી કે શાકભાજીને કારણે વાઇરસ ફેલાયો હતો! આ મહિલા ખેડૂતોને ખરીફ પાક માટે બિયારણ લેવા માટે પણ દેવુ કરવુ પડયુ હતુ; અને રાશન તેમજ અન્ય ઘરેલુ ચીજવસ્તુઓ વગેરે ખરીદવા માટે પણ. સુરેન્દ્રનગરના પાટડી તાલુકાના વાસંતીબેન લવજીભાઇએ એ વાતનો પડઘો પાડયો હતો કે ઘણી બધી મહિલા ખેડૂતોને આ વિષમ પરિસ્થિતિને કારણે તેમણે સાચવી રાખેલો બિયારણનો જથ્થો ખોરાક તરીકે ઉપયોગમાં લેવો પડયો હતો કારણ કે તેમના પરિવારના સ્થળાંતરિત થયેલા સભ્યોનો ઘરે ધસારો થતાં તેમના સંસાધનો લગભગ ખૂટી પડયા હતા.

ડબલ્યુજીડબલ્યુએલઓ અને તેના સભ્યો દ્વારા જે કામગીરી હાથ ધરવામાં આવી હતી તેમાં સભ્યો દ્વારા વિવિધ સ્તરે લેવાયેલા પગલાંની એક શ્રેણીનો સમાવેશ થયો હતો. મહિલા ખેડૂતો પર ખરીફ ઋતુની સંભવિત અસરો અંગે નેટવર્કના સભ્યોમાં સામૂહિક સમજણ નિર્માણ કરવાથી શરૂઆત કરીને, આ સમજણને મહિલા ફેડરેશનો, તાલુકા કક્ષાની પેરાલીગલ વર્કરની કમ્યુનિટી કેડર તેમજ મહિલાકિસાનસખીઓ મારફતે સ્થાનિક મહિલા ખેડૂતો સુધી લઇ જવામાં આવી. ડિજિટલ કમ્યુનિકેશનના સાધનો અને પધ્ધતિઓ જેવી કે વોટ્સએપ દ્વારા માહિતીપ્રદ ઓડિયો અને વીડીયો પ્રસારણ, મોબાઇલ ટેબલેટ અને વર્ચ્યુલ મીટિંગ વગેરેએ મહિલા ખેડૂતોને તેમના ફેડરેશનના આગેવાનો સાથે જોડી રાખવામાં ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવી હતી.

ડબલ્યુજીડબલ્યુએલઓના સભ્યપદ અને તાલુકા કક્ષાની સમુદાય-આધારિત કેડર વચ્ચે સ્થાનિક મહિલા ફેડરેશનોએ તેમની સ્થાનિક મહિલા ખેડૂતો સાથે આ પ્રોગ્રામ અને તેની વ્યૂહરચનાઓને અમલી કરવામાં અગ્રીમ ભૂમિકા ભજવી હતી.

મહિલાકિસાનસખીઓ ૧૫,૦૦૦ થી વધારે મહિલા ખેડૂતો સુધી પહોંચી હતી અને તેમને કિચન ગાર્ડન ઉગાડવા અંગે, સ્થાનિક ધોરણે ઉપલબ્ધ હોય એવા સંસાધનોનો ઉપયોગ કરીને ખેતી કરવાની પધ્ધતિઓ, વાવેતરની પધ્ધતિઓ અને પાકમાં વૈવિધ્ય લાવવુ જે લાંબાગાળાની ખાદ્ય સુરક્ષા માટે તેમજ જમીન સંસાધન માટે પણ લાભદાયી છે વગેરે અંગે માહિતી આપી હતી તેમજ હાઇબ્રીડ બિયારણની જગ્યાએ સ્થાનિક, કુદરતી રીતે ઉગાડેલા અને સારા બિયારણનો ઉપયોગ કરવાને પ્રોત્સાહન આપતી હતી. ડાંગ જીલ્લાના આહવા નામના અંતરિયાળ ગામમાં મીરાબેન પઢિયારને સજીવ ખેતીની પધ્ધતિઓ અંગે ઓડિયો મેસેજ મળ્યા હતા જે એકદમ નવતર હતા-''અમે ક્યાંય પણ ગયા વિના કુદરતી ખાતર કેવી રીતે બનાવી શકાય એ અંગેની ઉપયોગી માહિતી મેળવી શકીએ છીએ.'''

વધારે મહત્વની વાત એ હતી કે ઘણી બધી મહિલાઓએ ખરીફ ઋતુ પહેલા તેમને વાવેતર માટે જરૂરી ઇનપુટ્સ, બિયારણ, ખાતર તેમજ પેસ્ટીસાઇડ્સ માટે મદદની જરૂરિયાત હોવાની રજૂઆત કરી હતી જેના પ્રતિભાવરૂપે ડબલ્યુજીડબલ્યુએલઓ ૪૨૦૦ મહિલા ખેડૂતો, ખાસ કરીને એકલી રહેતી મહિલા ખેડૂતો, ખેતીમાં મજૂરીકામ કરતી મહિલાઓ અને સ્થળાંતરિત થઇને ઘરે પરત ફરેલા પરિવારોની મહિલા ખેડૂતોને માટે દાતાઓ અને અન્ય સામાજીક પરોપકારી લોકો પાસેથી મદદ મેળવી આપવા સક્ષમ બન્યુ હતુ. મહિલા ખેડૂતો સાથે મળીને પંચામૃત, જીવામૃત,

પંચગવ્ય અને અન્ય જેવા બાયો-ઇનપુટ્સ તૈયાર કરી શકે એ માટે જરૂરી મદદ પૂરી પાડવાની સાથે સાથે તેમને મહત્વના સ્થાનિક ખાદ્ય પાકના બિયારણ (કુદરતી અને સુધારેલા બંને) પણ પ્રદાન કરવામાં આવ્યા હતા.

૨૦૧૯ માં પરંપરાગત કુદરતી બિયારણની વિવિધ જાતો ધરાવતી નાસેન્ટ બીજ બેંકની શરૂઆત કરવામાં આવી હતી જેમાં સ્થાનિક ખેડૂતો, ડબલ્યુજીડબલ્યુએલઓના સભ્યો પાસે ફેરબદલ કરીને, અન્ય ભાગીદારો અને નેટવર્કમાં જોડાયેલા સભ્યો પાસેથી બિયારણ મેળવવામાં આવ્યા હતા જેના કારણે ખરીફ ઋતુ દરમિયાન ૮૫૦ મહિલા ખેડૂતોને મદદ મળી હતી. આમાંની તમામ એટલે કે લગભગ ૫૦૦૦ મહિલા ખેડૂતો લણણી વખતે દોઢી અથવા બમણી રકમના બીજ સામુદાયિક બીજ બેંકને પરત આપશે જેનું પ્રબંધન મહિલા ફેડરેશનના સભ્યો દ્વારા કરવામાં આવશે જેથી ખેતીની આગામી ઋતુઓમાં ફરીથી તેની આપ-લે થઇ શકે.

મહામારીએ નાની અને હાંસિયામાં ધકેલાઇ ગયેલી મહિલા ખેડૂતો પર ગંભીર સામાજીક, આર્થિક જીવનનિર્વાહ સંબંધી પડકારો ઉભા કર્યા છે જેમાં પ્રાથમિક રાહત કાર્ય પ્રોગ્રામને કારણે મદદ મળી હતી પરંતુ માત્ર હંગામી ધોરણે. એકંદરે, ઉપર જણાવેલ કામગીરી સાથે રાહતને જોડીને ડબલ્યુજીડબલ્યુએલઓએ તેમની આજીવિકાને ફરીથી બેઠી કરવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે મહિલા ખેડૂતો ફરીથી વધારે સારી રીતે પગભર થઇ શકી હતી.

ફોટો સૌજન્યઃ ડબલ્યુજીડબલ્યુએલઓ




ખરીફ ઋતુની ખેતી માટે મહિલા ખેડૂતોને બિયારણની કીટ વિતરિત કરી રહેલા મહિલા કિસાન સખી દરિયાબેન-સારથિ, સંતરામપુર, મહીસાગર

# 8. નિર્મલાની વાત 'હવે અમારી પાસે પણ કામ કરનાર વ્યક્તિ તરીકેની ઓળખ છે'

લેખકોઃ સુવર્ણા દામલે અને નિર્મલા કઠવાટે

ફોટો સૌજન્યઃ પ્રકૃતિ



મહિલા જોબ કાર્ડ ધારકો સાથે નિર્મલા

## પ્રકૃતિ વિશે

પ્રકૃતિ મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં ૧૯૯૦ થી ગ્રામીણ મહિલાઓના સશક્તિકરણ માટે કામ કરે છેદ્યિઘદ્ય.પરઅકરાતાઘદ્રમઈન.ાની. ખાતરીપૂર્વક રોજગાર આપવાની કામગીરી ૨૦૦૫-૦૬ માં શરૂ થઇ હતી જ્યારે આ યોજના એક પાઈલોટ પ્રોજેક્ટ તરીકે પસંદગીના જીલ્લાઓમાં શરૂ કરવામાં આવી હતી. મધ્યપ્રદેશના બાલાઘાટ અને મહારાષ્ટ્રના ભંડારા આ બંને એ પસંદ કરાયેલા જીલ્લાઓ હતા જ્યાં પ્રકૃતિએ ગ્રામ પંચાયતો સાથે મળીને સજાગતા કેળવવાનું કામ કર્યુ હતુ અને આ યોજના હેઠળ કયા કામો હાથ ધરી શકાય એ તારવવામાં પણ ગ્રામ પંચાયતોને મદદ કરી હતી. કોવિડ-૧૯ લોકડાઉનના પ્રથમ તબક્કામાં પ્રકૃતિ મહિલા કિસાન અધિકાર મંચ(મકામ) દ્વારા શરૂ કરવામાં આવેલ રાજ્ય કક્ષાના પ્રયાસો સાથે જોડાઇ હતી અને લોકોને નોકરી માટેના કાર્ડ (એક એવો દસ્તાવેજ જે મનરેગા હેઠળ કામ મેળવવા માટે ખૂબ જરૂરી છે) અપાવવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યુ હતુ.

## દખલગીરીની જરૂરિયાત

નિર્મલાનું ગામ સ્વરમેંધા એ નાગપુર જીલ્લામાં આવેલુ લગભગ ૧૫૦ ઘર ધરાવતુ ગામ છે જેમાં કપાસ ઉગાડતા નાના ખેડૂતો રહે છે. છેલ્લા થોડા વર્ષોથી વાવણીના ખર્ચમાં વધારો કરવા છતાં કપાસના પાકમાં ઘટાડો જોવા મળ્યો છે જેના કારણે ઘણા બધા ખેડૂતોને તેમની જમીનનો અમુક ટુકડો વેચવાની ફરજ પડી હતી. આ કારણથી ગામમાં વાવેતર થતી હોય એવી જમીનમાં ઘટાડો થયો અને પરિણામસ્વરૂપ દૈનિક ભથ્થે કામ કરતાં ખેતમજૂરો કામવિહોણા થયા. મહામારી અને તેના પગલે થયેલ લોકડાઉનને કારણે પરિસ્થિતિ બદતર થઇ હતી. સામાન્ય રીતે મહિલાઓને વાવણી, કાપણી અને લણણીની ઋતુઓમાં સતત રોજગાર મળી રહે છે. જો કે મહામારીને કારણે મહિલાઓને

ફોટો સૌજન્યઃ પ્રકૃતિ



જોબ કાર્ડ ધારક તેમની બેંક પાસબુક સાથે જે તેમના ખાતામાં જમા થયેલી રકમ દર્શાવે છે

ખેતમજૂરીનું કામ મેળવવામાં મુશ્કેલી પડવા લાગી હતી. વાવણી કરનારા લોકો નુક્સાનનો સામનો કરી રહ્યા હતા અને આથી તેઓ ખેતીલક્ષી કામ માટે દહાડિયા રાખવાની અનિચ્છા ધરાવતા હતા. તેઓ તેમના પરિવારની જ મદદ લેવા ઇચ્છતા હતા જેમાં મોટેભાગે બાળકો અને શહેરથી પરત ફરેલા સ્થળાંતરિત શ્રમિકો હતા. આમ, એકલી રહેતી મહિલાઓને જે થોડું ઘણુ કામ ઉપલબ્ધ હતુ તે મેળવવા માટે ઝઝુમવાનું હતુ.

અત્યાર સુધી નિર્મલા અથવા એના ગામની મહિલાઓને મનરેગા અંગે કોઇ જ માહિતી ન હતી. જો કે તેમને એ વાતનો ખ્યાલ હતો કે સરકાર ગામમાં કંઇક કામ કરી રહી છે પરંતુ એ સમજી શકાય એવી વાત છે કે અન્ય કોઇ યોજના/કામની જેમ એમણે એના તરફ ખાસ ધ્યાન આપ્યુ ન હતુ. તેને પ્રકૃતિ ખાતે યોજાયેલી એક તાલીમમાં મનરેગા અંગે જાણકારી મળી હતી જે પાછળથી તેણે અન્ય મહિલાઓ સાથે શેર કરી હતી. ગામમાં લગભગ એવી ૧૮ મહિલાઓ હતી જે એકલી રહેતી હતી અને જેમને કામની જરૂર હતી પણ તેમની પાસે જોબ કાર્ડ ન હતા, આવી મહિલાઓને તારવવામાં આવી. નિર્મલાએ પ્રયાસો હાથ ધર્યા, બધા દસ્તાવેજો એકઠા કર્યા અને મહિલાઓને જોબ કાર્ડ અપાવવા માટે તેને રોજગાર સેવક પાસે જમા કરાવ્યા.

રોજગાર સેવક આ મહિલાઓને જોબ કાર્ડ આપવા ઇચ્છતો ન હતો અને તેને તથા સરપંચને વારંવાર વિનંતીઓ કરવા છતાં કોઇ પણ પગલાં લેવાની ના પાડતો હતો. છેવટે, તેના પ્રયાસો ફળ્યા અને તેણે તમામ મહિલાઓને જોબ કાર્ડ ઇસ્યુ કર્યા હતા.

જો કે જોબ કાર્ડ મેળવવા એ તો પ્રથમ પડકાર હતો પરંતુ એનાથી મોટો પડકાર જોબ કાર્ડ ધરાવનાર એકલી રહેતી મહિલાઓને મનરેગા હેઠળ કામ માંગવા માટે પ્રેરિત કરવાનો હતો. તેમાંથી ઘણી બધી મહિલાઓને યોજના અંગે એવી શંકા હતી કે મનરેગા સાઇટ પર કામ કરવું એ ખેતરમાં કામ કરવા જેટલુ સન્માનપૂર્ણ કામ નથી. આથી મેં તેમને સમજાવ્યુ હતુ કે રોજગાર ગેરંટી હેઠળ કામ કરવુ એ ખેતરમાં કામ કરવા બરાબર જ છે અને વાસ્તવમાં રોજગાર ગેરંટી યોજના હેઠળ તેમને વધારે સારો પગાર મળશે. એકલી રહેતી મહિલાઓ કામ માટે ગામથી વધારે દૂર જઇ શકે તેમ ન હતી કારણ કે તેઓ તેમના બાળકોને એકલા મૂકી શકે એમ ન હતી, આથી તેમણે નજીકના ખેતરોમાં જ કામ કરવાનું પસંદ કર્યુ હતુ. જો કે, આ વર્ષે ભારે અને કસમયના વરસાદને કારણે, નીંદણ માટે જવાનું મુશ્કેલ હતુ અને હવે લણણીની શરૂઆત થઇ ગઇ છે પણ ઓછા પાકને કારણે ખેતમજૂરીનું કામ ખાસ ઉપલબ્ધ થતુ નથી.

## ફલશ્રુતિ અને શીખવા મળેલ બોધપાઠ

આ મુશ્કેલ સમયમાં, નિર્મલા જોબ કાર્ડ ધરાવનાર મહિલાઓને મનરેગામાં કામ શરૂ કરવા પ્રેરિત કરવામાં સફળ રહી હતી અને શરૂઆતમાં એમનામાંથી ત્રણ જણાએ કામ કરવાની શરૂઆત કરી હતી. ઉજ્જવલા અને ચંદાએ સૌથી પહેલા કામની શરૂઆત કરી હતી અને હાલમાં તેઓ ખૂબ જ ખુશ છે. તેમણે નોંધ્યુ હતુ કે મનરેગામાં વેતન વધારે મળે છે અને એમનામાંથી એક જણે કહ્યું હતુ કે તેને એક દિવસનો પણ પગાર મળ્યો હતો પરંતુ સતત વરસાદને કારણે તે

પછી જઇ શકી ન હતી. નિર્મલાએ એવી મહિલાઓની વાત વર્ણવી હતી કે જેઓ ગર્ભાશય બહાર નીકળવાની અથવા અન્ય ગાયનેક સંબંધિત સમસ્યાઓ ધરાવતી હતી તેમના માટે કપાસ ઉંચકીને તેને કમરના પટ્ટામાં સંગ્રહ કરવાનું મુશ્કેલ હતુ. જો કે, મનરેગામાં તેઓ સામાજીક વનીકરણમાં કામ કરે છે જે તેમના માટે અનુકૂળ છે. જો કે તેના વેતન બહુ વધારે નથી પરંતુ તેમને તે વધારે આરામદાયક લાગે છે. મહત્વની બાબત એ છે કે તેમને એવુ લાગે છે કે જોબ કાર્ડના કારણે તેમને એક ઓળખ પ્રાપ્ત થઇ છે, અને તેઓ પણ સલામતી અને ઇમર્જન્સીમાં સ્વાસ્થ્ય લાભો મેળવવાના હકદાર છે, એક એવો હક જે તેમને ખેતમજૂર તરીકે ક્યારેય મળતો નથી. આ યોજનામાં કામ કરતી તમામ એકલી રહેતી મહિલાઓ એ વિચારથી પ્રસન્નતા અનુભવે છે કે આ જોબ કાર્ડને કારણે તેઓ સરકારી અધિકારીઓ સાથે વાત કરી શકે છે.

રોજગારસેવક પણ એ વાતથી સંતુષ્ટ છે કે આ મહિલાઓ પૂરી નિષ્ઠા સાથે કામ કરે છે અને તેથી તેને વારંવાર તેમનું નીરિક્ષણ કરવા જવુ પડતુ નથી. નિર્મલા માટે આ એક ખુબ જ બોધપ્રદ અનુભવ રહ્યો, સૌ પ્રથમ તો તે યોજનાને વધારે સારી રીતે જાણી અને સમજી શકી, પરંતુ વધારે મહત્વની વાત એ હતી કે સંકટના આ સમયમાં તે મહિલાઓને એ બાબતે સજાગ કરી શકી કે સરકારી વ્યવસ્થા તેમના લાભ માટે જ કામ કરે છે. હવે તે મનરેગા માટેના ગ્રામીણ સ્તરના આયોજનમાં સક્રિય રીતે સામેલ થવાની આશા રાખે છે.

ફોટો સૌજન્યઃ પ્રકૃતિ



mnr[gi sieT pr kim krt) m(hliai[

# 9. યમુના ખદ્દરમાં મહિલા ખેડૂતોનો કોવિડ૧૯ સંકટ તરફનો પ્રતિભાવ

લેખકઃ વિક્રમ સિંઘ
સહ લેખકો (અનુવાદ અને સંકલન): રિશા રામચંદ્રનંદ અને મુબશીરા ઝૈદી

ફોટો સૌજન્યઃ વિક્રમ સિંઘ



યમુના ખદ્દરમાં યુવાઓનું જૂથ જે કોવિડ૧૯ રાષ્ટ્રીય લોકડાઉન દરમિયાન વિતરણ માટે રાહત સામગ્રી પેક કરી રહ્યા છે

યમુના ખદ્દર (યમુના નદીની આસપાસની ફળદ્રુપ જમીન), દિલ્હી નોઇડાથી વજીરાબાદ સુધીના સીધા ફ્લાયઓવર સાથે પૂર્વ દિલ્હીમાં સ્થિત છે, તેની પર ઘણા બધા મહેકમ છે જેવા કે કોમનવેલ્થ સ્ટેડિયમ અને અક્ષરધામ મંદિર પરંતુ તે ખેતીલાયક પટ અને ભારતની આઝાદીના સમયથી આ વિસ્તારમાં રહેતા ખેડૂત સમુદાય માટે પણ જાણીતુ છે. 'દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી (ડીડીએ) સાથે કરેલા કરાર હેઠળ ધ દિલ્હી પેઝન્ટ્સ કોઓપરેટિવ મલ્ટીપરપઝ સોસાયટી(ડીપીસીએમએસ)એ ખેતી માટે પ્લોટ ફાળવ્યા હતા અને તેના માટે ભાડું પણ વસૂલ કર્યુ હતુ જે ડીડીએ દ્વારા ૧૯૬૬ માં રદ કરવામાં આવ્યા હતા પરંતુ ખેડૂતો પાસેથી ૨૦૧૦ સુધી ભાડુ લેવામાં આવતુ હતુ. જોકે, બે વર્ષ પછી ખેડૂત સમુદાયની વસાહતોને સહેજ પણ લાગણી દાખવ્યા વિના તોડી પાડવામાં આવી હતી.'

## કોવિડ૧૯ રાષ્ટ્રીય લોકડાઉન અને લોકડાઉનની નકારાત્મક અસરોને હળવી કરવા માટે મહિલા ખેડૂતો અને યુવાનોની ભૂમિકા

સરકારે ૨૪ માર્ચ, ૨૦૨૦ ના રોજ રાષ્ટ્રીય લોકડાઉન જાહેર કર્યુ હતુ, જેનો અર્થ થતો હતો કે અવરજવર પર કડક પ્રતિબંધો અને સ્થાનિક બજારો બંધ કરવા, જે ઘણા બધા ખેડૂતોને જીવનનિર્વાહ કરવા બાબતે પડકારરૂપ સાબિત થયુ હતુ. જ્યારે રાજ્ય સરકાર દ્વારા શેરીમાં વેચાણ કરવાની છૂટ આપવામાં આવી હતી ત્યારે પણ યમુના ખદ્દરના શાકભાજી વેચવાવાળા લોકોએ પોલીસ દ્વારા લાઠીચાર્જનો સામનો કરવો પડયો હતો. આ ઉપરાંત, યમુના નદીમાં પૂર આવવાને કારણે પાકનો નાશ થવાથી લોકડાઉન દરમિયાન પેસ્ટીસાઇડ્સના ભાવમાં વધારો થયો હતો, તેમજ મર્યાદિત બચતથી નવા વાવેતરમાં રોકાણ કરવામાં યમુના ખદ્દરના ખેડૂત પરિવારોને ગરીબીનો સામનો કરવો પડયો હતો.

ફોટો સૌજન્યઃ વિક્રમ સિંઘ



યમુના ખદ્દરના બાળકો સાથે શનિવારનો વિશેષ નૈતિક શિક્ષણનો વર્ગ લેતાં વિક્રમ

માલા, યમુના ખદ્દર ખાતેની એક મહિલા ખેડૂત, જે તેના ભાડાના પ્લોટ પર ખેતી કરીને તેમાંથી જે ઉપજ થતી તેને બજારમાં વેચીને તેનું ગુજરાન ચલાવતી હતી, તે કહે છે કે, લોકડાઉનના વધારાના બોજને કારણે તેના પરિવારને ખૂબ જ ઝડપથી ભૂખમરા અને આપત્તિનો સામનો કરવો પડશે એવી શક્યતાઓ દેખાતી હતી. માલાની જેમ અહીંના ઘણા બધા રહેવાસીઓ ઉત્તરપ્રદેશ અથવા બિહારના છે જે સ્થળાંતરિત થઇને રાજધાનીમાં રોજગારની શોધમાં આવ્યા હતા. વિમલાદેવી ૨૦ વર્ષ પહેલા ઉત્તરપ્રદેશના બદૌન જીલ્લાના એક નાના ગામમાંથી સ્થળાંતરિત થઇને અહી આવ્યા હતા. વિમલા માટે ત્યારથી લઇને અત્યાર સુધી ખેતી એ તેમની આવકના મુખ્ય સ્ત્રોતોમાંથી એક છે. પરંતુ ખેતીમાંથી આવક મેળવવામાં નડતી સતત મુશ્કેલીઓ તેમજ કોવિડ૧૯ લોકડાઉનના વધારાના બોજને કારણે તેમણે તેમનો વ્યવસાય બદલવાનું નક્કી કર્યુ હતુ. 'જ્યારે મને ખેતીમાંથી પૂરતુ વળતર ન મળ્યુ ત્યારે મેં મારા પરિવારને મદદરૂપ થવા માટે સ્થાનિક બજારમાં પકોડાની લારી ચાલુ કરી.' ખેતીનો ખર્ચ વધારે આવતો હોવાથી, વિસ્તારની અન્ય કેટલીક મહિલા ખેડૂતોએ પણ તેમના વ્યાવસાયિક કૌશલ્યો દર્શાવ્યા હતા અને તેમની આજીવિકાનો સ્રોત પણ બદલ્યો હતો. ગુડિયા, એક યુવાન મહિલા ખેડૂતે નર્સરી ચાલુ કરી હતી, તે જણાવે છે કે 'આ મને મારી આર્થિક સ્થિતિને સુધારવામાં મદદરૂપ થાય છે તેમજ એક પર્યાવરણને અનુરૂપ વિકલ્પ છે જે પ્રદૂષણ ઘટાડવાના પ્રયાસોમાં મદદરૂપ થશે.' મહિલા ઉદ્યોગસાહસિકોના આ દ્રષ્ટાંતો સંકટના આ સમયમાં ઉભરી આવ્યા છે, રાજ્યના કોઇ પણ જાતના સહકાર વિના, પરંતુ તેમના પરિવાર માટે તે જીવન-રક્ષક પુરવાર થયા છે અને વિસ્તારના અન્ય ગરીબ પરિવારો માટે પ્રેરણાદાયી બન્યા છે.

વિવિધ અનિશ્ચિતતાઓની વચ્ચે, યમુના ખદ્દરની મહિલાઓ આગળ આવી છે અને જ્યાં શક્ય જણાય ત્યાં મદદ માટેના નેટવર્ક રચવામાં આગેવાની દાખવી હતી. દા.ત. માલાએ સમુદાયમાં ખાદ્યસામગ્રીની અછતનો મુદ્દો ઉભો કર્યો હતો અને પીડીએસ દુકાનો અથવા ઇ-કુપનો દ્વારા રાશન મેળવવામાં નડતા પડકારોને સંબોધ્યા હતા. તેણે સમુદાયના એક સક્રિય યુવા સભ્ય, વિક્રમનો સંપર્ક કર્યો હતો, જે આ મુદ્દાને બસ્તી સુરક્ષા મંચ જેવા નાગરિક સમાજ જૂથો અને નિસબત ધરાવતા વ્યક્તિઓ સુધી લઇ ગયો હતો. માલા અને વિક્રમે વિસ્તારના ૧૪૦૦ જરૂરિયાતમંદ પરિવારો માટે રાશન એકત્રિત કર્યુ હતુ, જેમાં ૧૦૦ વિધવાઓ અને એકલી મહિલાઓ હોય એવા પરિવારોનો સમાવેશ થતો હતો.

આ જ રીતે, શહેરથી પરત ફરેલા અને કામ કરવા સક્ષમ નહી એવા વન વિસ્તારમાં સ્થાયી થયેલા સ્થળાંતરિત શ્રમિકો ભૂખમરાની અણી પર હતા. ગુડિયાની મદદથી, વિક્રમે સ્થળાંતરિત થયેલા શ્રમિકોની મુશ્કેલીઓને સમજવા માટે તેમની મુલાકાત લીધી હતી અને ખાદ્યસામગ્રી તથા અન્ય આવશ્યક વસ્તુઓના સ્વરૂપમાં તાત્કાલિક રાહત પૂરી પાડવા માટે બસ્તી સુરક્ષા મંચ અને મકામ દિલ્હીનો સંપર્ક કર્યો હતો. આ પહેલ દ્વારા, ૧૧૦ થી વધારે સ્થળાંતરિત પરિવારોને રાશન અને અન્ય રાહત સામગ્રી પ્રદાન કરવામાં આવી હતી. ગુડિયા, માલા અને વિક્રમ દ્વારા જે સામુદાયિક આગેવાની અને પહેલ દર્શાવવામાં આવી તેના કારણે મકામ દિલ્હી જેવા સમૂહોને વંચિત પરિવારો સુધી પહોંચવામાં મદદ મળી હતી.

મહામારીની પરોક્ષ અસરરૂપે શાળાઓ અને આંગણવાડીઓ બંધ થઇ ગઇ હતી. મહિલા ખેડૂતોને એ વાતનો ડર હતો કે સ્માર્ટફોન ખરીદવાની તેમની અક્ષમતા અને વિસ્તારમાં અનિયમિત વીજપુરવઠાને કારણે તેમના બાળકોના અભ્યાસ

પર ખરાબ અસર પડશે અને સમુદાયના બાળકોમાં શાળાનો અભ્યાસ અધવચ્ચે જ છોડી દેવાનો દર વધશે. રામશ્રી, એક ખેડૂતે લોકડાઉનના સમયગાળા દરમિયાન શાળામાંથી છોકરીઓનો અભ્યાસ છૂટી જવાના પ્રમાણમાં વધારો થવા અંગે નિસબત વ્યક્ત કરી હતી, જેના પરિણામે છોકરીઓના લગ્ન વહેલા કરાવી દેવાના કિસ્સાઓમાં વધારો થશે અને તેમનો અભ્યાસ કાયમ માટે છૂટી જશે. તેના પોતાના બાળકો પણ અભ્યાસ સાથે તાલમેળ બેસાડી શકવા સક્ષમ ન હતા. વિક્રમ, તેનો ભાઇ અને મિત્રોએ ૭ મા ધોરણ સુધીના બાળકોને સ્વૈચ્છાએ મફત ભણાવવાની તૈયારી દર્શાવી, ખાસ કરીને છોકરીઓને. જો કે તેમણે રામશ્રીના પાંચ બાળકો સાથે શરૂઆત કરી હતી, આજે તેઓ યમુના ખદ્દરના ૨૫૦ બાળકોના શિક્ષણમાં મદદ કરી રહ્યા છે. વિક્રમ એ બાબત પર ભાર મૂકે છે કે તેમનો ઉદ્દેશ તેમના બાળકોને શિક્ષણમાં સહાયરૂપ થઇને ખેતી સાથે જોડાયેલા સમુદાય અને તેમની આવનારી પેઢીઓને સશક્ત બનાવવાનો છે અને તેમના સમુદાયનું શોષણ થતુ અટકાવવા માટે ખેતી અંગે સજાગતા કેળવવાનો છે.

## Lessons from the pandemic

મૂળભૂત અધિકારોની ગેરહાજરીમાં, યમુના ખદ્દરની મહિલાઓ અને યુવાનોએ આગેવાની દાખવી હતી અને મકામ દિલ્હી તેમજ બસ્તી સુરક્ષા મંચ જેવા નાગરિક સમાજ જૂથોનો સંપર્ક કરીને સામૂહિક રીતે મદદ માટેનું એક નેટવર્ક નિર્માણ કરવા માટે પહેલ હાથ ધરી હતી. આવો સામુદાયિક પ્રતિભાવ કોવિડ૧૯ લોકડાઉનના કારણે વણસી ગયેલી પરિસ્થિતિમાં સમાજમાં રહેલા ભેદભાવ દૂર કરીને જોખમને હળવુ કરવાની સમુદાયની તાકાતનું દ્રષ્ટાંત પૂરુ પાડે છે. મહામારીને કારણે ચોક્કસપણે વર્તમાન પડકારો અને હાંસિયામાં ધકેલાઇ ગયેલા સમુદાયોની વંચિતતાઓ ઉભરી આવ્યા હતા પરંતુ તેમાં લોકોની પરિસ્થિતિને અનુરૂપ માર્ગ શોધવાની સુઝબુઝ, તેમની ક્ષમતાઓ, સંસાધનો અને નવતર પહેલ પણ જોવા મળી હતી અને તેના લીધે આ અસાધારણ સંકટની સ્થિતિનો સામનો કરવામાં મદદ મળી હતી.

આ કેસ સ્ટડીમાં દર્શાવવામાં આવેલા અનુભવો વિક્રમ સિંઘ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યા હતા જેમણે કોવિડ૧૯ રાષ્ટ્રીય લોકડાઉન દરમિયાન મકામ દિલ્હી સાથે મળીને યમુના ખદ્દર ખાતે રાહત કામગીરીમાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી.

ફોટો સૌજન્યઃ વિક્રમ સિંઘ



મે ૨૦૨૦ દરમિયાન પાકની લણણીમાં વ્યસ્ત પુરુષો અને મહિલાઓ. લોકડાઉનના પ્રતિબંધોને કારણે નજીકના બજારમાં આ પેદાશો વેચી શકવા સક્ષમ ન હોવાથી ખેડૂતો દેવાંના બોજ હેઠળ ધકેલાઇ રહ્યા હતા.

# 10. કોવિડ-૧૯ દરમિયાન મહિલા ખેડૂતોના વૈકલ્પિક મોડેલ

લેખકઃ સી. ભાનુજા, ડિરેક્ટર, આરઇડીએસ

ફોટો સૌજન્યઃ આરઇડીએસ




આરઇડીએસ (રૂરલ એન્વાયરમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટી) એ કોઇ પણ જાતના નફા વિના કામ કરતી બિન સરકારી સંસ્થા છે જે આંધ્ર પ્રદેશના અનંથપુરામુ જીલ્લાના ૧૦ મંડળના ૫૮ ગામોમાં કાર્યરત છે, તે છેલ્લા ૨૫ વર્ષોથી મહિલાઓના અધિકારો, બાળકોના અધિકારો, માનવ તસ્કરી શિક્ષણ, ખેતી અને કુદરતી સંસાધનોના પ્રબંધન અંગે કામ કરે છે. આરઇડીએસએ ખેડૂતોને, જેમાંથી મહત્તમ સંખ્યા મહિલાઓની છે, ખેડૂત ઉત્પાદક સંસ્થાના સ્વરૂપમાં સંગઠિત કર્યા છે જેથી મિશ્ર ખેતીને પ્રોત્સાહન આપી શકાય અને મોટાપાયે દુષ્કાળનો ભોગ બનતા આ જીલ્લામાં પ્રવર્તતા કૃષિસંબંધી ગંભીર સમસ્યાઓને સંબોધી શકાય. કોવિડના સંદર્ભમાં, ખાસ કરીને લોકડાઉનના સમયગાળા દરમિયાન આરઇડીએસએ મહિલા ખેડૂતોના સમૂહો સાથે મળીને વંચિત પરિવારોને માર્કેટિંગની સુવિધાઓ અને ખાદ્યસામગ્રીનું વિતરણ પ્રદાન કરવા માટે જરૂરી રાહત કામગીરી હાથ ધરવા પ્રયાસો કર્યા હતા. સરકારી વિભાગો સાથે સંકલન સાધીને રાહત અને પુનઃવસનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અચાનક થયેલા લોકડાઉને નાના અને હાંસિયામાં ધકેલાઇ ગયેલા ખેડૂતો તેમજ સ્થળાંતરણ કરનાર શ્રમિકોને રોજગારી, માર્કેટિંગ અને ખાદ્યપદાર્થોના અભાવને કારણે ગંભીર મુશ્કેલીમાં મૂકી દીધા હતા. આ જ સમયે જે લોકો બીજી જગ્યાએ સ્થળાંતરણ કરીને ગયા હતા તેઓ પોતાના વતનમાં પરત ફરવા માંડયા હતા, જેના પરિણામરૂપે ગ્રામીણ વિસ્તારોમાં ભારે સામાજીક અને આર્થિક દબાણ સર્જાયુ હતુ. એકલી રહેતી મહિલાઓ અને આત્મહત્યા કરનાર ખેડૂતના પરિવારોની મહિલાઓ સૌથી વધારે અસરગ્રસ્ત થઇ હતી. ખેડૂતો અને દૂધ ઉત્પાદકોને તેમના ઉત્પાદનોના માર્કેટિંગમાં તીવ્ર મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. આ પરિસ્થિતિમાં જરૂરિયાતમંદ લોકો સુધી ખાદ્યસામગ્રી પહોંચાડવા અને ઝડપથી સડી જાય એવા ઉત્પાદનો માટે માર્કેટિંગની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે વ્યાપક ધોરણે સંકલિત દરમિયાનગીરી કરવાની જરૂર હતી.

ફોટો સૌજન્યઃ આરઇડીએસ



## દરમિયાનગીરી

આરઇડીએસની ટીમે એફપીઓના આગેવાનો સાથે સંકલન સાધીને એક વ્યૂહાત્મક આયોજન તૈયાર કર્યુ હતુ જેથી તેમના પ્રશ્નોને તારવી શકાય તેમજ ખેડૂતો પાસેથી તેમના ઉત્પાદનોની ખરીદી માટેની વ્યવસ્થા કરી શકાય અને જરૂરિયાતમંદ લોકોમાં તેનુ વિતરણ કરી શકાય. આરઇડીએસની ટીમે સૌ પ્રથમ તો એફપીઓના સભ્યો સાથે મળીને ગામોની મુલાકાત લીધી અને શોધી કાઢયુ કે શાકભાજી અને લીલી ભાજી સરળતાથી ઉપલબ્ધ છે જ્યારે કેળા અને પપૈયા લણણી માટે તૈયાર છે. આરઇડીએસ અને એફપીઓના આગેવાનોએ ખેડૂતો સાથે ચર્ચા કરી હતી, એફપીઓએ ઉત્પાદનો મેળવ્યા હતા અને જે લોકો ખાદ્યસામગ્રી ખરીદી શકવા સક્ષમ ન હતા તેમને ફૂડ બાસ્કેટનું વિતરણ કર્યુ હતુ, જેમાં ડ્રાય રાશન, ઈંડા, શાકભાજી, ફળો વગેરે થઇને કુલ ૨૦ વસ્તુઓ સમાવિષ્ટ હતી. આ ઉપરાંત, તેમને માસ્ક અને સેનિટાઇઝર પણ આપવામાં આવ્યા હતા. એફપીઓ દ્વારા મહિલા ખેડૂતો પાસેથી બાજરી અને કઠોળની ૯ જાતો, કિચન ગાર્ડનના બિયારણની કિટ અને મગફળીના બીજ પણ મેળવવામાં આવ્યા હતા અને અન્ય ખેડૂતોને ખરીફ પાક માટે વિના મૂલ્યે આપવામાં આવ્યા હતા. જીલ્લાના ૧૦ મંડળ અને ૩૦ ગામોમાં રાહત કામગીરીઓ હાથ ધરવામાં આવી હતી.

અનંતાપુર મંડળના કમારુપલ્લી ગામમાં, સંકટની પરિસ્થિતિ સર્જાઇ હતી જ્યારે એક કોવિડ કેસનું નિદાન થયુ હતુ અને સમગ્ર ગામને રેડ ઝોન જાહેર કરવામાં આવ્યુ હતુ તેમજ ઉચ્ચ તકેદારીના પગલાં લેવામાં આવ્યા હતા. આર.સુસીલામ્મા, અનંથાગ્રામીણા વીમેન ફાર્મર્સ પ્રોડયુસર ઓર્ગેનાઇઝેશનના આગેવાન, એ ગામમાં મહિલા ખેડૂતો દ્વારા ઉત્પાદિત કરવામાં આવેલા તમામ શાકભાજી અને ફળો મેળવી લીધા હતા અને જરૂરિયાતમંદ પરિવારોમાં તેનુ નિશુલ્ક વિતરણ કર્યુ હતુ.

અનંથાપુરમાંડલમાં પૂલાકુંટા ગામમાં પણ ૨૨૦ ઘર એવા હતા જેમની પાસે દૂધાળા પ્રાણીઓ હતા પરંતુ તેઓ દૂધ વેચી શકતા ન હતા. એફપીઓના બોર્ડ મેમ્બર શ્રી અરૂણામ્મા અને આરઇડીએસએ જીલ્લા વહીવટી વિભાગ સાથે સંકલન સાધીને, ગામના બહારના ભાગમાં એક ડેરીની સ્થાપના કરી હતી અને ગામનું તમામ દૂધ એકત્રિત કરીને ખાનગી વેપારીઓને વેચ્યુ હતુ, આમ દૂધ ઉત્પાદકો માટે માર્કેટિંગ સુવિધા પ્રદાન કરી હતી.

સમસ્યાઓ અને સંકલિત રાહત કામગીરી માટે એક સર્વે હાથ ધરવા માટે સરકાર સાથે સંલગ્ન તમામ વિભાગો અને આરઇડીએસ સહિત કેટલીક બિનસરકારી સંસ્થાઓ સાથે મળીને અનંથપુરામુ જીલ્લા ખાતે એક જીલ્લા સંકલન સમિતિની રચના કરવામાં આવી હતી. વિવિધ સંસ્થાઓ અને વ્યક્તિઓની મહેરબાનીથી ઘણા બધા ગામોમાં રાહત કામગીરી હાથ ધરી શકાઇ હતી અને ધિરાણ, સૂચનો અને સંકલનના સ્વરૂપમાં મદદ કરવામાં આવી હતી.

કુલ ૭૨૦૦ જરૂરિયાતમંદ પરિવારો સુધી રાહત પહોંચાડવામાં આવી હતી જેમાં દૈનિક ભથ્થે કામ કરતા શ્રમિકો, ખેતીમાં રોકાયેલા પરિવારો, એકલી રહેતી મહિલાઓ, વૃધ્ધ લોકો અને સ્થળાંતરણ કરનાર શ્રમિકોનો સમાવેશ થાય છે.

૨૪ ગામોમાં ૫૦૦ પરિવારોને ફૂડ બાસ્કેટ પ્રદાન કરવામાં આવી હતી. મહિલાઓ અને તરૂણ બાળકીઓ માટે ૩૦૦ પરિવારોને સ્વાસ્થ્ય અને સ્વચ્છતા સંબંધી ઉત્પાદનો પૂરા પાડવામાં આવ્યા હતા. જેમની પાસે રાશન કાર્ડ ન હતા એવા ૧૦૦ પરિવારોને ૧૦ કિ.ગ્રા. ચોખા અને ૫ કિ.ગ્રા. રાગી આપવામાં આવ્યા હતા.

કમારુપલ્લી અને પૂલાકુંટા એ બે ગામોમાં દૂધાળા પ્રાણીઓ ધરાવતા ૭૩ પરિવારોને ૫૦ કિ.ગ્રા. ચારાના પેકેટ આપવામાં આવ્યા હતા. કમારુપલ્લી, કુરુગુંટા, પૂલાકુંટા અને કોડિમી ગામોમાં ૨૨૩ પરિવારોને બિયારણ આપવામાં આવ્યા હતા.

## ફલશ્રુતિ

રાહત પહોંચાડવાના સંકલિત પ્રયાસોએ સાબિત કર્યુ છે કે મહિલા ખેડૂતો એક થઇ રહી છે અને સાથે મળીને ખેતી કરી રહી છે અને સામૂહિક ખેતી કરવાને કારણે બિયારણ અને ખાદ્ય ઉત્પાદનનો અનામત જથ્થો રાખવા સક્ષમ બન્યા છે અને આમ તેઓ આ બીજ અન્યોને પણ પ્રદાન કરી શકે છે. અન્ય ખેડૂતોને બિયારણ પૂરુ પાડવાને કારણે આ બીજ ઉત્પાદિત કરનાર મહિલા ખેડૂતોને આવક મળવાની સાથે સાથે આવનારી ખરીફ ઋતુ માટે બિયારણની સલામતી પ્રદાન કરે છે. સરકારી ખેતી વિભાગ અને જીલ્લા કલેક્ટર મહિલા ખેડૂત એફપીઓમાં રહેલી સંભાવનાઓને ઓળખી હતી અને માર્કફેડ દ્વારા એફપીઓ પાસેથી ઉત્પાદનો ખરીદવા માટેની વ્યવસ્થાઓ કરવા માટે આગળ આવ્યા હતા. અને ખેતી વિભાગ દ્વારા અમલી કરવામાં આવેલી તમામ યોજનાઓમાં મહિલા ખેડૂતોને સામેલ કરવામાં આવે છે.

ફોટો સૌજન્યઃ આરઇડીએસ



# 11. કોવિડ-૧૯ લોકડાઉન અને મહિલા ખેડૂતોઃ સહાયરૂપ થવા માટે કામગીરીની આવશ્યકતા

લેખકઃ ફાતિમા બર્નાડ, એસઆરઇડી, તમિલનાડુ

ફોટો સૌજન્યઃ એસઆરઇડી




ખાદ્ય રાહત સામગ્રીનું વિતરણ કરી રહેલા એસઆરઇડી એફપીઓ

સોસાયટી ફોર રૂરલ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ (એસઆરઇડી) ની સ્થાપના વર્ષ ૧૯૭૯ માં કરવામાં આવી હતી જે પાયાના સ્તરે કાર્યરત સમુદાયો વચ્ચે જરૂરિયાત આધારિત અને સમસ્યા આધારિત ચળવળોને પ્રોત્સાહન આપે છે. તેઓ દલિત અને ગ્રામીણ આદિવાસી સમુદાયોની મહિલાઓ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરે છે.

એસઆરઇડી સ્થાનિક આગેવાનો અને લોકોની ચળવળના આગેવાનોના ક્ષમતાવર્ધન સંદર્ભે કાર્યરત છે. એસઆરઇડી પાયાના સ્તરે મહિલાઓ પર થતી હિંસા, જ્ઞાતિ અને જાતિગત ભેદભાવ, આજીવિકા સામેના પડકારો, સ્વાસ્થ્ય અને શિક્ષણ સેવાની ઉપલબ્ધિનો અભાવ જેવા મુદ્દાઓ સંદર્ભે કામ કરે છે જ્યારે વ્યાપક સ્તરે તે એસઆરઇડીના પ્રોત્સાહનને કારણે શરૂ કરવામાં આવેલી ચળવળો અને અભિયાનની અન્ય ચળવળો સાથે મળીને કામ કરે છે તેમજ હિમાયત, નેટવર્કિંગ અને તમિલનાડુ તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે હાથ ધરાતી જાગરૂકતા ફેલાવવા સંબંધી કામગીરીમાં જોડાણો ઉભા કરવાની કામગીરી કરે છે.

એસઆરઇડીએ દલિતો, જમીનવિહોણા શ્રમિકો, ગ્રામીણ આદિવાસી, ઈંટોના ભઠ્ઠામાં કામ કરતા કારીગરો, બળદગાડા હંકારતા કારીગરો, દલિત મહિલાઓ (ગ્રામીણ મહિલાઓની મુક્તિ ચળવળ), મહિલા ખેડૂતો, ગણિકાઓ, મથમ્મા(દેવીને સમર્પિત કરવામાં આવેલી દલિત મહિલાઓ) અને ફેરિયાઓ વચ્ચે ગ્રામીણ કાર્યકરોની ચળવળોને પ્રોત્સાહન આપ્યુ હતુ અને તેને ગતિશીલ બનાવી હતી. એસઆરઇડી દ્વારા તેમનું ક્ષમતાવર્ધન કરવામાં આવે છે અને તેમને નવીન માહિતી અંગે સજાગ કરવામાં આવે છે. ચળવળોમાં જમીન અને રાજકીય અધિકારો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

આ સમુદાયોની મહિલાઓને એગ્રો ઇકોલોજીની તાલીમ આપવામાં આવે છે; તેમની પાસે જમીન ન હોય તેમ છતાં પણ તેમને સજીવ ખેતીની પધ્ધતિઓ શીખવવામાં આવે છે. જો અન્ય જ્ઞાતિના સમુદાયો દ્વારા ગેરકાયદેસર રીતે કોઇ

ફોટો સૌજન્યઃ એસઆરઇડી



મહિલા ખેડૂતોના જૂથો વચ્ચે બિયારણના પેકેટનું વિતરણ કરાયુ હતુ

સરકારી જમીન પર દબાણ કરવામાં આવ્યુ હોય તો તે શોધી કાઢવાનું અને તે જમીન પર તેમનો હક હોવાનો દાવો કરવા માટેની તાલીમ તેમને આપવામાં આવી છે. તેમણે તેમના ગામોમાં સરકારી જમીન શોધીને તેના પર આંતરિક સમજૂતીથી, રેવન્યુ અધિકારીની મદદ વડે ૭.૫૫ એકર અને ત્યારબાદ ૫ એકર જમીન પાછી મેળવી હતી અને તેમાં સાથે મળીને વાવેતર કરવાની શરૂઆત કરી હતી. લણણી બાદ એ જમીનમાં કામ કરનાર દરેક મહિલાને તેમનો હિસ્સો મળ્યો હતો. ૫ જીલ્લામાં આવા કેટલાક મહિલા સમૂહો છે જ્યાં મહિલાઓ સંયુક્ત ખેતીમાં રોકાયેલી છે.

## કોવિડ-૧૯ મહામારી અને કામગીરી

કોવિડ-૧૯ મહામારીને કારણે ૨૪ માર્ચ, ૨૦૨૦ ના રોજ લાદવામાં આવેલુ લોકડાઉન આજે પણ ચોક્કસ છૂટછાટો સાથે ચાલુ છે. જેના લીધે ગરીબ લોકો પાસે ન તો જમવાનુ બચ્યુ હતુ, ન આજીવિકાનો કોઇ સ્ત્રોત. તેમની પાસે ખાવા માટે કંઇ જ ન હતુ અને અસ્તિત્વ ટકાવવા માટેનુ કોઇ સાધન પણ ન હતુ. મહિલાઓ ઘરેલુ હિંસા અને હિંસાના અન્ય સ્વરૂપોનો ભોગ બની રહી હતી. સરકારને ગરીબ લોકોને તેમનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે જરૂરી વસ્તુઓ પૂરી પાડવાની કોઇ ચિંતા ન હતી; તેણે બસ લોકોને કામ બંધ કરીને ઘરે બેસવાનો હુકમ કરી દીધો હતો અને મહિલાઓની દારૂની દુકાનોને ન ખોલવાની અરજીની અવગણના કરીને ઉતાવળે રાજ્ય દ્વારા ચાલતી દારૂની દુકાનો ખોલી દીધી હતી. જેના કારણે મહિલાઓ પર થતી હિંસામાં વધારો થયો હતો. દલિત મહિલાઓ પર બળાત્કાર થયા હતા અને તેમના ખૂન થયા હતા. પરિવારો પાસે ભોજનલાયક વસ્તુઓ ખરીદવા માટે કોઇ કામ કે પૈસા ન હતા. ખોરાક ઉપલબ્ધ ન થવાને કારણે પરિવારમાં હિંસાની ઘટનાઓ વધી હતી. મહિલાઓને કોઇ આવક ન હોવાથી તકલીફ પડી રહી હતી, તેઓ તેમની લોન ચૂકવી શકતા ન હતા અને પરિવારનું પેટ પણ ભરી શકતા ન હતા.

સરકાર દ્વારા લોકોને રૂા. ૧૦૦૦ રાહત તરીકે આપવામાં આવ્યા હતા અને તે પણ દરેક વ્યક્તિ સુધી પહોંચ્યા ન હતા. આ રકમ લાંબા સમય સુધી ટકવા માટે પૂરતી ન હતી. જે બાળકો મધ્યાહન ભોજન પર નભતા હતા તેઓ સ્કૂલો બંધ થવાને કારણે ખોરાકવિહોણા થઇ ગયા હતા. જાહેર પરિવહન સેવાઓ બંધ હોવાને કારણે સંયુક્ત ખેતી કરતી મહિલા ખેડૂતો અન્ય મહિલા ખેડૂતો સાથે સંપર્ક કરી શકતી ન હતી. બાજરી વાવ્યા બાદ, લોકડાઉન સમયગાળા દરમિયાન તે પોતાના ખેતરની મુલાકાત લઇ શકી ન હતી.

જ્યારે દરેક વ્યક્તિ તેમના પરિવાર અને ગામલોકોનું અસ્તિત્વ ટકાવવાના સાધનો શોધવા માટે સંઘર્ષ કરી રહી હતી ત્યારે સામૂહિક ખેતી કરતી મહિલા ખેડૂતોના આગેવાનોમાંથી એક એવી શકીલાએ કંઇક અલગ રીતે વિચારવાનું અને કામ કરવાનું શરૂ કર્યુ હતુ. તેણે આહાર અને સુરક્ષાત્મક વસ્તુઓ ધરાવતી રાહત સામગ્રી એકત્રિત કરી હતી અને તેને ગામલોકોમાં વિતરિત કરી હતી. તે એક ખૂબ જ મહત્વપૂર્ણ કામ હતુ. પોલીસની નજરથી બચીને તે દરેકના ઘરે ઘરે ગઇ હતી અને જે પણ કંઇ એકત્રિત કરી શકાય તે કર્યુ હતુ. તેણે સ્વંયસેવકોની એક ટુકડી તૈયાર કરી હતી. તેણે બુધ્ધ મુવમેન્ટ ટ્રસ્ટ દ્વારા ચાર વખત આપવામાં આવેલી વસ્તુઓ એકત્રિત કરી હતી અને તેને વયસ્ક એકલી રહેતી મહિલાઓ, શારીરિક રીતે અશક્ત લોકો, તમામ આદિવાસી લોકો અને તેના ગામની ધોબણ મહિલાઓના પરિવારોમાં વિતરિત કરી હતી.

એસઆરઇડીએ દરેક મહિલા ખેડૂતને રૂા. ૧૦૦૦ ની મદદ કરી હતી અને ત્રણ અલગ અલગ પ્રસંગોએ દરેક રૂા. ૧૦૦૦/- ની કિંમતની ભોજન સામગ્રીનું વિતરણ કર્યુ હતુ. શકીલાએ એસઆરઇડીને મદદરૂપ થવા માટે સ્વૈચ્છિક સેવા આપી હતી અને અન્ય સામૂહિક ખેત આગેવાનોમાં તેનુ વિતરણ કરવામાં મદદ કરી હતી.

જ્યારે તેમને જીલ્લાની અંદર પરિવહન કરવાની છૂટ મળી ત્યારે શકીલા અને તેની ટીમના સભ્યોએ તેમના સંયુક્ત ખેતરમાં જે પણ કંઇ વધ્યુ હતુ તેની લણણી કરવાની શરૂઆત કરી હતી. તેણે સામૂહિક ખેતી કરતા અન્ય આગેવાનોને પણ બોલાવ્યા હતા અને સંયુક્ત ખેતીથી થયેલ પાકનો શું ઉપયોગ કરવો એના આયોજન અંગે અને તેમના ગામ અને નગરોમાં વસતા પરોપકારી લોકોની મદદ, તેમજ રાજ્ય સરકાર, બુધ્ધા મુવમેન્ટ ટ્રસ્ટ અને એસઆરઇડીની મદદ એકત્રિત કરવા અંગે માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે કોવિડ-૧૯ થી અસરગ્રસ્ત થયેલા પરિવારો તારવ્યા હતા અને તેમને આ મહામારીમાં ટકી રહેવા માટે મદદ કરી હતી.

તેમના પોતાના ગામમાં પણ તેમણે સામુદાયિક રસોડા શરૂ કર્યા હતા, ભોજન તૈયાર કર્યુ હતુ અને ગામ લોકોમાં તેનુ વિતરણ કર્યુ હતુ. રાજ્ય સરકારે ૩ એલપીજી મફતમાં આપ્યા હતા.

તેની આ કામગીરીએ ઘણી જીંદગીઓ બચાવી હતી, ગરીબીને કારણે થતા મૃત્યુ અને ખોરાક ન ઉપલબ્ધ થવાને કારણે થતી આત્મહત્યાની ઘટનાઓ અટકાવી હતી. એસઆરઈડી દ્વારા ૩૦૦૦ પરિવારોના ખાતામાં રોકડ રકમ જમા કરાવવામાં આવી હતી તેમજ રાશન કીટ, માસ્ક, કાબાસુરા આયુર્વેદિક પીણાં (રોગપ્રતિકારક શક્તિ વધારે એવા પીણાં) પ્રદાન કરવામાં આવ્યા હતા.

તેમણે મહામારીના જોખમ અને બહાર નીકળવા પર પ્રતિબંધ હોવા છતાં, મહિલા ખેડૂતો સાથે મળીને સંયુક્ત ખેતરોને જીવંત રાખ્યા હતા. અન્ય મહિલાઓ પણ હવે સામૂહિક ખેતીની આ પહેલ કરવા માટે ઉત્સાહિત છે અને તેમને પૂરો વિશ્વાસ છે કે તેઓ કોઇ પણ પડકારોનો સામનો કરી શકે છે અને ભવિષ્યમાં કોઇ પણ આફત સામે ટકી શકશે. પાડોશી ગામો સામૂહિક ખેતી કરતી મહિલા ખેડૂતોને તેમને ત્યાં સામૂહિક ખેતી શરૂ કરવા આમંત્રિત કરી રહ્યા છે.

જમીનની સંયુક્ત માલિકી એક તાકાત છે, કોરોના વાઇરસ સામે રોગપ્રતિકારક શક્તિ કેળવીને-કોરોના વાઇરસનો કોઇ ભય રાખ્યા વિના-દરેક મહિલા જેને જરૂરિયાત છે એવી અન્ય મહિલાઓ સુધી પહોંચી હતી. સામૂહિક ખેતી કરતા સભ્યો તરીકે તેઓ એક થઇને ઉભા રહ્યા હતા, એકબીજાને મદદ કરી હતી અને દર્શાવ્યુ હતુ કે સાથે મળીને કામ કરવાથી કોઇ પણ મહામારીથી ઉભા થયેલા પડકારોનો સામનો કરી શકાય છે જે રીતે તેઓ પણ કોવિડ-૧૯ મહામારીએ સર્જેલા પડકારો સામે ટકી શક્યા હતા. મહામારી જેવા પડકારરૂપ સમયમાં ચળવળો મૃતપાય નથી થઇ રહી પરંતુ વધારે મજબૂત બની રહી છે.

ફોટો સૌજન્યઃ એસઆરઇડી



મહિલા ખેડૂતો સંગઠિત થઇ રહ્યા છે અને સામૂહિક ખેતી કરી રહ્યા છે

# 12. કોવિડ-૧૯ એ સર્જેલી નવીન પરિસ્થિતિમાં બાજરી તરફ પાછા વળવુ

લેખકઃ વીન્સ-(મહિલાઓની સંસ્થા)

ફોટો સૌજન્યઃ વીન્સ



## ડબલ્યુઆઇએનએસ(વીન્સ) અને મહિલા રીથુ વેદિકા

વીન્સ-(મહિલાઓની સંસ્થા) છેલ્લા ત્રણ વર્ષમાં આંધ્ર પ્રદેશના ચિત્તૂર જીલ્લાના ૩૫ ગામોમાં અનુસૂચિત જનજાતિના ૧૦૮૦ ખેતમજૂરો અને ભાડાપટ્ટે ખેતી કરતા ખેતઉત્પાદકોનું સશક્તિકરણ કરવામાં અને તેમને સક્ષમ બનાવવામાં સફળ થઇ છે. આના લીધે તેઓ આર્થિક અને રાજકીય રીતે સશક્ત બન્યા છે. તેમનામાં હવે ખેતીની પર્યાવરણલક્ષી પધ્ધતિઓ અપનાવવાનો આત્મવિશ્વાસ આવ્યો છે, તેઓ તેમના કૌશલ્યોનું રોકાણ આર્થિક સંસ્થાઓ જેવી કે ખેડૂતોની ઉત્પાદક સંસ્થાઓમાં કરી રહ્યા છે; તેઓ હવે મહિલા ખેડૂતોના અધિકારો માટે કાર્યરત 'મહિલા રીથુ વેદિકા' ફોરમ મારફતે તેમની નિસબતો અંગે અવાજ ઉઠાવવા સક્ષમ બન્યા છે. આ મહિલાઓ દ્વારા ખેતી તેમજ તેઓ જે શીખ્યા હતા તે ગરીબ અને વંચિત મહિલાઓને સંગઠિત કરવામાં ઉપયોગમાં લેવા માટે જે ઉર્જા, સમર્પણ અને સાહસનું પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ તે ખરેખર પ્રશંસાને પાત્ર છે.

એક મહિના જેટલુ લાંબુ લોકડાઉન મહિલાઓ માટે અસહ્ય હતુ. અને તેને વધારે લંબાવવામાં આવતા તેમની આર્થિક પરિસ્થિતિ પડી ભાંગી હતી, તેમને અને તેમના પરિવારોને ભૂખ્યા રહેવાની ફરજ પડી હતી, તેમજ તેમનો આત્મવિશ્વાસ તૂટવા માંડયો હતો. પરિવહનના કોઇ સાધનો ઉપલબ્ધ ન હોવાથી, તૈયાર થયેલો પાક બજાર સુધી લઇ જવાનું તેમજ પશુઓને ચરાવવા માટે લઇ જવાનું મુશ્કેલ બન્યુ હતુ. આના પરિણામસ્વરૂપે, પાક નષ્ટ થયો હતો, પશુધન ભૂખે મરી રહ્યુ હતુ અને તે દૂધ ઓછુ આપતા હતા. આસપાસના વિસ્તારોમાં પોઝીટીવ કેસો નોંધાતા સરકાર દ્વારા કડક નિયમો અમલી કરવામાં આવ્યા હતા. આ પરિસ્થિતિમાં કોઇ પણ કામ વિના ઘરે બેસી રહેવાને કારણે મહિલાઓ તીવ્ર તણાવ અનુભવી રહી હતી. આ પરિસ્થિતિમાં જેનો કોઇ ઇલાજ શક્ય નથી એવો ચેપ લાગી જવાનો તર્કવિહીન ભય અને કોવિડને લગતી ગેરમાન્યતાઓ અને ગેરસમજણોના કારણે તણાવમાં વધારો થઇ રહ્યો હતો. સરકાર દ્વારા કોવિડ રાહત પેકેજ અંતર્ગત આપવામાં આવતુ મફત ડ્રાય રાશન પૂરતુ ન હતું, તેનાથી ગરીબ

ફોટો સૌજન્યઃ વીન્સ



મહિલાઓને મદદ મળી રહી ન હતી કારણ કે તે લેવા માટેની કતારો ખૂબ જ લાંબી હતી અને સરકારનો હુકમ પ્રમાણે દુકાનો વહેલી બંધ થઇ જતી હતી. તેમને ઘણીવાર ખાલી હાથે અને ભૂખ્યા પરત ફરવુ પડતુ હતુ.

આંધ્ર પ્રદેશના ચિત્તૂર જીલ્લામાં આવેલા સીજી ગલ્લુ અને રોમપીચેરલા મંડળ વરસાદ પર આધારિત પ્રદેશો છે. ત્યાંના ૬૦% લોકો વર્ષમાં બેવાર ફક્ત હાઇબ્રીડ ટમેટાં ઉગાડે છે જેની સારી કિંમત મળે છે પરંતુ તેમાં રોકાણ પર મોટા પ્રમાણમાં કરવુ પડે છે. તેઓ બીજાના ખેતરોમાં દાડિયા તરીકે પણ કામ કરે છે. એક જ પાક લેવાની આ પધ્ધતિ, પછી ભલે તે કેરીના બગીચા હોય કે મગફળી, તેમને દુઃખ તરફ લઇ જાય છે. તેમની પાસે જમીનના નાના ટુકડા હતા જે મોટેભાગે ઉજ્જડ જ રહેતા હતા, કારણ કે તેમને એવુ લાગતુ હતુ કે આમાંથી કંઇ ખાસ મળશે નહી. વીન્સ એ મહિલા ખેડૂતોને સંગઠિત કરવાના વિચાર સાથે આ વિસ્તારમાં પ્રવેશ કર્યો હતો અને તેમને તેમના કિચન ગાર્ડનમાં ઉગાડવા માટે ૧૨ પ્રકારના શાકભાજી આપ્યા હતા, જે આ કસોટીના સમયમાં તેમને ખૂબ જ ઉપયોગી પુરવાર થયા હતા.

બાજરી એ તેમનો મુખ્ય આહાર હોવા છતાં તેઓ ચાલીસ વર્ષોથી તેનો પાક લેતા જ ન હતા. તેમના ગામોમાં બાજરીનું માત્ર ૧% જ વાવેતર થતુ હોવાથી તેમના માટે તેના ભાવ પોષાય તેવા રહ્યા ન હતા. વધુમાં, બાજરી એ રોગપ્રતિકારક શક્તિ વધારવામાં અને કોવિડ સામે લડવા માટે આરોગ્યપ્રદ આહારનો સ્રોત છે એવી નિષ્ણાંતોની ભલામણોને કારણે અમીર લોકોએ પણ તેનો ઉપયોગ કરવાની શરૂઆત કરી હતી. તેમને આ અંગે શિક્ષિત કર્યા બાદ, મહિલાઓ પોષકયુક્ત આહારના વાજબી સ્રોત તરીકે ફરીથી બાજરીના વાવેતર તરફ વળી હતી. આની સાથે સાથે તેમણે કિચન ગાર્ડન અને બાગાયતી પાક માટે અપનાવેલ ગાય આધારિત કુદરતી ખેતીની પધ્ધતિઓ તેમને ખૂબ જ કામમાં આવી હતી.

મહિલા ખેડૂતો જે પરંપરાગત ખેત પધ્ધતિઓ અને પાકોના પુનઃજીવિત થવાથી પ્રભાવિત થઇ હતી તેમને પણ આ પ્રક્રિયામાં સામેલ થવા પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

એમઆરવીએ ભાડાપટ્ટે ખેતી કરતી અને ઓછી જમીન ધરાવતી એમ બંને પ્રકારની મહિલા ખેડૂતો શોધી કાઢી હતી જે ખેતીના કામમાં અન્યો કરતાં બહેતર હતી. સજીવ ખેતીનું જ્ઞાન ધરાવતા અને સજીવ ખેતી કરીને તેમાંથી લાભ મેળવનારા સભ્યોની પસંદગી કરવામાં આવી હતી. ૨૨૫ મહિલાઓએ રાગી, ૧૧૦ મહિલાઓએ પર્લ મિલેટ(બાજરી) અને ૪૦ એ બ્રાઉન ટોપ બાજરી ઉગાડવાનું પસંદ કર્યુ હતુ. સમૂહો દ્વારા બાજરીનો પાક ઉગાડવામાં અવરોધરૂપ બનતા ઘણા બધા પડકારો અંગે ચર્ચા કરવામાં આવી હતી જેવા કે; ડંડીઓ ન ઉગવી, બીજ સૂકાઇ જવા, લણણી સમયે પાક ન સૂકાવો, વરસાદના કારણે બિયારણ સડી જવુ, ઘુવડ/પક્ષીઓ/ભૂંડ દ્વારા પાક ખાઇ જવો વગેરે, તેમણે આ બધાનું સમાધાન શોધવાનો પણ પ્રયત્ન કર્યો હતો. તેમને પર્લ મિલેટમાં આશા દેખાઇ હતી.

સમૂહો સામેલ થયા હતા કારણ કે બાજરી વરસાદ પર આધારિત, ટૂંકા ગાળાનો પાક હતો. તેઓ એ બાબત સમજી ગયા હતા કે મુશ્કેલ સમયમાં ખોરાકની સલામતીની ખાતરી કરવા અને કુદરતી આફતોને કારણે સર્જાતી અનિશ્ચિત પરિસ્થિતિઓમાં ભવિષ્ય માટે આત્મનિર્ભર બનવુ જરૂરી હતુ.

આકરી ખેત મજૂરીના કામમાં મહિલાઓના યોગદાનને તુચ્છ ગણવામાં આવે છે અને તેને ખાસ મહત્વ આપવામાં આવતુ નથી. મહિલાઓ તેમના અસ્તિત્વ ટકાવવાના સંઘર્ષમાં તેમનો અવાજ વ્યક્ત કરી શકતી ન હતી. વીન્સ દ્વારા તેમને શિક્ષિત કરવામાં આવી, તેમનો આત્મવિશ્વાસ કેળવવામાં આવ્યો, તંત્રમાં પ્રવર્તી રહેલા પડકારોનો સામનો કરવા માટે અવાજ ઉઠાવવામાં મદદ પ્રદાન કરવામાં આવી જેના કારણે આ મહિલા ખેડૂતોમાં સજાગતા આવી. વીન્સ પ્રથમવાર એવા ગામોમાં કામ કરવાનું સાહસ કર્યુ જ્યાં ખેતી વિભાગના કોઇ પણ નિષ્ણાત અથવા કાર્યકારીએ અગાઉ ક્યારેય મુલાકાત પણ લીધી ન હતી.

વીન્સને સમજાયુ હતુ કે ભૂખમરા સામે લડવુ શક્ય છે અને તે પણ ઉત્પાદકો(મહિલા) ના હાથમાં છે અને તેમની પાસે તેમનું અસ્તિત્વ ટકાવવા માટે સારો અને પૂરતો આહાર ખાવાના કારણો અને અધિકારો છે. તે ફક્ત ખેતી વિષયક કામની વાત નથી, પરંતુ જાતિગત સૂઝની વાત છે, જે મહિલાઓને તેમની જાતને એક કૌશલ્યસભર વ્યક્તિ તરીકે જોવા આકર્ષિત કરે છે. તે એ હકીકતને પુષ્ટિ આપે છે કે ખોરાક એ સ્વાસ્થ્યનો પાયો છે. ખોરાકના ઉત્પાદનકર્તા તરીકે, તેઓ બધા માટે ફક્ત ખોરાકની ખાતરી જ નથી આપતા.

# 13. હાપુરની મહિલા ખેડૂતોની આર્થિક સધ્ધરતા અને આત્મનિર્ભરતા તરફની મુસાફરી

લેખકઃ સુલેખા સિંઘ

## પૂર્વભૂમિકા

એક્શન ઇન્ડિયા ઘણા બધા દાયકાઓથી વંચિત સમુદાયોની પાયાના સ્તરે કાર્યરત મહિલાઓ, કિશોરો અને બાળકોના સ્વાસ્થ્ય, અધિકારો અને હકો માટે કાર્યરત છે. આ કામગીરીને ૨૦૧૧ માં મહિલાઓના આર્થિક, સામાજીક અને આદર્શવાદી સશક્તિકરણને વધુ અસરકારક બનાવવા માટે દિલ્હીથી ઉત્તરપ્રદેશના હાપુર તાલુકા સુધી વિસ્તારવામાં આવી હતી. તે મહિલા ખેડૂતો દ્વારા કરવામાં આવતી કામગીરી અને તેમની ભૂમિકાને ઓળખ પ્રાપ્ત કરાવવા માટે તેમની કામગીરીમાં અવરોધરૂપ બનતી સમસ્યાઓને સંબોધવા ઇચ્છતા હતા તેમજ ૪ ગામોમાં ૨૦૦ મહિલા શ્રમિકોને સંગઠિત કરવા ઇચ્છતા હતા. ૧૦-૧૨ મહિલાઓની એક ટીમ જે ખેત શ્રમિક છે તેઓ હાલમાં આ સમગ્ર પ્રક્રિયાની આગેવાની સંભાળી રહી છે.

## કોવિડના સમયમાં હાથ ધરાયેલી કામગીરી

જ્યારે લોકડાઉનની જાહેરાત થઇ ત્યારે જમીન ખેડવા માટે ભાડાપટ્ટે આપવાની ઉત્પાદન વ્યવસ્થા પડી ભાંગી હતી કારણ કે જમીનધારકો તેમની જમીન ભાડાપટ્ટે આપવા ઇચ્છતા ન હતા કારણ કે તેમના પરિવારના સભ્યો ઘરે પરત ફર્યા હતા અને તેમણે તેમની જાતે જ તેમના ખેતરમાં કામ કરવાનું પસંદ કર્યુ હતુ. આથી જૂથની ૧૦-૧૨ મહિલાઓએ ખેત પ્રવૃત્તિમાંથી થતી આવક ગુમાવવાને કારણે જે મુશ્કેલીઓ સર્જાઇ હતી તેમાંથી બહાર આવવા માટે વૈકલ્પિક તકો શોધવાનો નિર્ણય કર્યો હતો.

તેમની આસપાસના વિસ્તારોમાં કાર્યરત વિવિધ સ્વસહાય જૂથો સાથે સંકળાયેલી મહિલા સભ્યોએ મસાલા બનાવવાનું અને વેચાણ માટેનનું એક વૈકલ્પિક આર્થિક એકમ સ્થાપવાનું નક્કી કર્યુ હતુ. દરેક મહિલા સભ્યએ તેમના સ્વસહાય જૂથમાંથી લોન લીધી હતી અને મસાલા ખરીદવા તેમજ તેને સંલગ્ન વસ્તુઓ જેવી કે પેકિંગ માટેની સામગ્રી ખરીદવા અને આ ઉત્પાદનોને આસપાસના ૨૦ ગામોમાં આવેલા સ્થાનિક બજારમાં વેચવા માટે જરૂરી કાર્યકારી મૂડી તરીકે જરૂરી સંસાધનો એકઠા કર્યા હતા. ધીરે ધીરે, તેમના ઉત્પાદનોની ખાતરીપૂર્ણ ગુણવત્તાને કારણે તેની સ્થિર માંગ ઉભી થઇ અને તેમના સોશિયલ એક્શન નેટવર્ક દ્વારા તેમનો ગ્રાહક વર્ગ દિલ્હી સુધી વિસ્તર્યો હતો જે નિયમિત ધોરણે એનસીઆર પ્રદેશના ૯૦૦ ઘરોને આવરી લે છે. નિયમિત મળતા પ્રતિભાવો તેમને એક નિયમિત બજાર સ્થાપવા માટે સક્ષમ બનાવે છે.

## કામગીરીની અસરો

હાપુર તાલુકો દિલ્હીના આસપાસના વિસ્તારોમાં આવેલો છે. દિલ્હી એનસીઆર પ્રદેશના અંતરિયાળ વિસ્તારોમાં એક વૈકલ્પિક આર્થિક પ્રવૃત્તિ માટે ૧૨ મહિલાઓના આ જૂથની રચના કરવાથી, આ મહિલાઓ સંકટના સમયમાં આર્થિક સંતુલન જાળવી રાખવા માટે નવા માર્ગો શોધવા સક્ષમ બની હતી. તેમના વર્તમાન સંસ્થાગત નેટવર્ક દ્વારા તેઓ આત્મનિર્ભરતા અને રોજગારી માટેની તકો ઉભી કરવા તેમજ તેમના ઐક્યને વધારે મજબૂત બનાવવા માટે સક્ષમ બન્યા હતા. દરેક મહિલાએ કાચા માલમાં રોકાણ કરવા માટે લોન લઇને આ પ્રયાસોમાં યોગદાન આપ્યુ હતુ, તેમણે સાથે મળીને મસાલા દળવાની તેમજ તૈયાર કરેલા ઉત્પાદનોને વિવિધ માધ્યમો બજાર સુધી પહોંચાડવાની કામગીરી કરી હતી. તેમણે વૈવિધ્યસભર ઉત્પાદનો તૈયાર કર્યા હતા તેમજ વાજબી દરે ઘઉં ખરીદીને નફાના ધોરણે વેચ્યા હતા.

### વ્યાપ

આ કામગીરીને કારણે આવેલી આર્થિક સ્થિરતાને કારણે જૂથને કોવિડના સંકટપૂર્ણ મહિનાઓ દરમિયાન ટકી રહેવા માટે અને તેમની સંયુક્ત કામગીરીને વિસ્તારવા માટે પ્રેરણા મળી હતી. હાલમાં ૧૨-૧૫ મહિલા સભ્યો ધરાવતા ૭૫ સ્વસહાય જૂથો તેમના ઉત્પાદનોની માંગ કરે છે, જે ૧૨-૧૫ મહિલાઓ માટે સ્થિર માંગ અને આવકની ખાતરી આપે છે. તેઓ અન્ય ગામોમાં તેમજ દિલ્હીમાં પણ તેમનું બજાર વિસ્તારવાની સંભાવનાઓ શોધી રહ્યા છે. હાલમાં તેમણે એક બિઝનેસ પ્લાન તૈયાર કર્યો છે જેના દ્વારા તેઓ તેમના એકમનું વિસ્તૃતીકરણ કરવાની તેમજ વધારે મહિલાઓને સમાવિષ્ટ કરવાની આશા રાખે છે.

### પરિણામો

મહિલાઓનું આ જૂથ હવે તેમના ઉત્પાદનોની શ્રેણી વિસ્તારી રહી છે જેમાં જીરૂ, અજમો, મેથી, મકાઇ, બાજરી, ગોળ, રાઇનું તેલ, ચણા, કાબુલી ચણા, ચોખા, કઠોળ વગેરેનો સમાવેશ થાય છે. તેઓ ભાગદારીપૂર્ણ અર્થતંત્ર દ્વારા મુશ્કેલ પરિસ્થિતિમાં ટકી રહેવા માટે અને તેમાંથી બહાર આવવા માટે મૂલ્ય વર્ધિત સેવાઓ પૂરી પ્રદાન કરવાનું તેમજ ઉત્પાદનની પ્રક્રિયા અને બજાર ઉભું કરવાના કૌશલ્યો શીખી ગયા છે. ક્રમશઃ તેઓ સંયુક્ત કુદરતી ખેતી માટે જમીન ભાડાપટ્ટે લેવાનું આયોજન કરી રહ્યા છે જેના દ્વારા તેઓ પોતાની જરૂરિયાત જેટલા ઉત્પાદનો બાજુમાં રાખ્યા બાદ બાકીના ઉત્પાદનમાંથી આવક ઉભી કરવાનો વિચાર કરી રહ્યા છે. તેઓ શહેરી બજારો જ્યાં કિંમત અને માપના ધોરણો અસ્તિત્વ ધરાવે છે ત્યાં સુધી પહોંચવાનુ આયોજન કરી રહ્યા છે. તેમણે વ્યાવસાયિક આયોજન, કિંમત નક્કી કરવી અને માર્કેટિંગમાં કેળવેલા કૌશલ્યોએ તેમના  આત્મવિશ્વાસમાં વધારો કર્યો છે અને મહદ્અંશે આર્થિક સ્થિરતા અપાવી છે, આથી તેઓ ભવિષ્યનું આયોજન કરવા માટે વ્યાવહારિક મિલકતો ઉભી કરી રહ્યા છે. તેઓ કુદરતી ખાતરો અને સ્થાનિક બિયારણના આધારે મહિલાઓના કુદરતી ખેતીના મૂલ્ય વર્ધિત એકમ તરીકે વિકસવાની આશા રાખે છે જેથી તેઓ રાસાયણિક ખાતરો દ્વારા કરવામાં આવતી ખેતીની જગ્યા લઇ શકે જે તમામ માનવજાતના સ્વાસ્થ્ય માટે લાભદાયી છે. એકમમાં વધારે સંખ્યામાં વંચિત મહિલાઓનો સમાવેશ કરવો, સ્થાયી આજીવિકાની ખાતરી આપવી તેમજ તેમના સમુદાયની મહિલાઓ માટે વધારે સારી સ્વાસ્થ્ય સુવિધાઓ વગેરે તેમણે નક્કી કરેલા ઉદ્દેશો છે. તેઓ બિયારણ બેંકમાં રોકાણ કરવાનું આયોજન કરી રહ્યા છે તેમજ મહિલા ખેડૂતોની સુખાકારી અને સન્માન જળવાય એ રીતે સમગ્ર પ્રક્રિયા ચાલતી રહે એવુ પણ વિચારી રહ્યા છે. આ જૂથને કારણે તેઓ તેમને ઉપલબ્ધ સંસાધનો અને કૌશલ્યોનો ઉપયોગ કરવા સક્ષમ બન્યા છે જે કદાચ વ્યક્તિગત રૂપે કરવુ અશક્ય હતુ અને તેમની બજારોથી નિકટતાને કારણે તેઓ સમગ્ર પ્રક્રિયાનું સમતોલરૂપે પ્રબંધન કરવા સક્ષમ બન્યા છે.

### ચાવીરૂપ બોધપાઠ

તેમની પાસે રહેલા કૌશલ્યો અને કુદરતી સંસાધનોનો ઉપયોગ કરવાથી સ્થિતિસ્થાપકતા ઉદ્ભવી છે, અને સંયુક્ત રીતે હાથ ધરાયેલ પ્રયાસોને કારણે તેઓ તેમની આગવી ક્ષમતાઓનો ઉપયોગ કરવા સક્ષમ બન્યા છે. તેઓ શીખ્યા છે કે ગુણવત્તા અને ભાવના ધોરણો સ્થાનિક અથવા બજારને અનુરૂપ હોવા જોઇએ. આ એકમે આ મહિલાઓના આર્થિક અને સામાજીક સશક્તિકરણ માટે સંયુક્ત પ્રયાસોને એક નવી આશા પ્રદાન કરી છે.

# શીખવા મળેલ બોધપાઠ અને આગળની વ્યૂહરચના

આ વોલ્યુમમાં સમાવિષ્ટ કેસ સ્ટડીઓ દર્શાવે છે કે મહિલાઓએ 'સામાન્ય રીતે' જે કરવામાં આવે છે તેનાથી અલગ જઇને કોવિડ-૧૯ દરમિયાન કેવી રીતે અલગ માર્ગ કંડાર્યો હતો. આ મહિલાઓના નેતૃત્વ સંબંધી વાર્તાઓમાંથી ભવિષ્ય માટે ઘણુ બધુ શીખવા જેવુ છે.

## આ તમામ વાર્તાઓમાંથી નીચેની બાબતો પ્રતિબિંબિત થાય છે:

૧. મહિલાઓના સમૂહોએ સૌ પ્રથમ એ બાબત સ્પષ્ટ કરી હતી કે એ મુશ્કેલીના સમયમાં તેમના સભ્યો અને અન્ય ગરીબ અને/અથવા એક રહેતી મહિલાઓને અનાજ મળતું રહે.

૨. આમાંથી સ્પષ્ટ રીતે ઉભરીને આવેલો એક બોધપાઠ એ છે કે મહિલાઓના સમૂહો અને મહિલાઓનું નેતૃત્વ સંકટના સમયમાં માત્ર વધારે મહિલાઓ સુધી પહોંચવા માટેના નવતર વિચાર જ નથી શોધતી, પરંતુ તેઓ ગરીબ અને સૌથી વંચિત મહિલાઓની જરૂરિયાતો પ્રત્યે પણ સંવેદનશીલ હોય છે, અને મહિલાઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેમની કાર્યશૈલી નક્કી કરે છે. કોવિડ-૧૯ ની જાતિગત અસર સાથે, આવા મહિલા સમૂહો તેમની સંવેદનશીલતા અને વ્યાવસાયીકરણને કારણે મહિલાઓને સાંત્વના આપવામાં અને તેમના સુધી પહોંચવામાં મોટી ભૂમિકા ભજવે છે.

૩. બીજો મહત્વનો બોધપાઠ એ છે કે મહિલા સમૂહો દ્વારા પ્રબંધિત કરવામાં આવતા સ્થાનિક, વિકેન્દ્રિત મોડલ મહિલાઓને ખાદ્યસામગ્રીની ખાતરીપૂર્ણ ઉપલબ્ધિ માટે ખૂબ જરૂરી છે, ખાસ કરીને જ્યારે આબોહવા નિશ્ચિત ન હોય અને પુરવઠાની કડી વિક્ષિપ્ત થઇ હોય. મહિલાઓ દ્વારા પ્રબંધિત કરવામાં આવેલુ સરક્યુલર અર્થતંત્રનું મીની મોડલ અને વૈવિધ્ય સ્થાયી પુરવઠા કડી તરફ લઇ જઇ શકે છે.

૪. થનલ, કેરાલા; ડબલ્યુજીએલડબલ્યુઓ અને એચડીઆરસી, ગુજરાત; તેમજ કોરચી મહાસભા, મહારાષ્ટ્રની કેસ સ્ટડીમાંથી પ્રતિબિંબિત થાય છે કે મહિલાઓ માત્ર ટૂંકાગાળા પૂરતુ ન વિચારતા, લાંબાગાળાની અસરોને ધ્યાનમાં રાખી છે અને સ્થાનિક ધોરણે ઉત્પાદન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે, જેમાં સજીવ શાકભાજી ગાર્ડન હોવાની અને આગામી ઋતુ માટે બિયારણની ઉપલબ્ધતા હોવાની આવશ્યકતાનો પણ સમાવેશ થાય છે કારણ કે લોકડાઉન દરમિયાન ખાદ્યપદાર્થો માટે તેનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૫. મકામ દિલ્હી અને યમુના ખદ્દરની આ કેસ સ્ટડી ગ્રામીણ શહેરી સાતત્યને સમજવા માટેની જરૂરિયાત તરફ પણ નિર્દેશ કરે છે, ખાસ કરીને સંકટના સમયમાં. ખેતીમાં રોકાયેલા સમુદાયની શહેરમાં રહેતી મહિલાઓ વહીવટી વિભાગ માટે લગભગ અદ્દશ્ય જ હતી. આ બંને કેસમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રહેતી મહિલાઓએ રાહત કામગીરી દરમિયાન એકબીજાને મદદરૂપ થવા માટે જોડાણો રચ્યા હતા અને લાંબાગાળાના ગ્રામીણ-શહેરી ઐક્ય માટે રહેલી તકો દર્શાવી હતી.

એક જોડાણ તરીકે મકામ રાહત કામગીરી દ્વારા પાયાના સ્તરે તેમજ વિવિધ એકમો જેવા કે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ(એનએચઆરસી), નીતિ આયોગ, રાજ્ય સરકારો વગેરે સાથે એમ બંને જગ્યાએ સક્રિય રીતે કાર્યરત છે અને આહાર તેમજ રોજગાર સંબંધિત જાહેર વ્યવસ્થાતંત્રના મજબૂતીકરણ માટે તેની ભલામણો પણ રજૂ કરે છે. ખોરાક વિતરણ વ્યવસ્થા અથવા પીડીએસ માત્ર જેની પાસે દસ્તાવેજો હોય એમના પૂરતી મર્યાદિત ન રાખતાં, સાર્વત્રિક હોવી જોઇએ એવી ખાતરી આપવાની માંગ પણ રજૂ કરે છે. તેમાં માત્ર સીરીયલ્સ જ નહીં પરંતુ પોષણક્ષમ ખાદ્યપદાર્થો પણ હોવા જોઇએ. મકામની અગ્રીમ માંગોમાંથી એક માંગ એ છે કે લોકોને ખાતરીપૂર્ણ રોજગારી - જેમાં મહિલા ખેડૂતોની ઉત્પાદક મિલકતોને વિસ્તારે એવા કામોનો સમાવેશ થાય છે- પ્રદાન કરવા માટે જાહેર કાર્યોના પ્રોગ્રામને વિસ્તારવો જોઇએ.

લાંબાગાળે આને પુનઃનિર્માણ, સહકાર અને મહિલાઓ માટે પર્યાવરણને અનુરૂપ હોય એવા ગ્રામીણ રોજગારના મજબૂતીકરણની તક તરીકે જોઇ શકાશે. જો કે, એનો અર્થ એવો થાય છે કે ખેતી, પાણી અને મહિલાઓ જેના પર નિર્ભર છે એવી અન્ય સામાન્ય જરૂરિયાતોમાં અને એવી નીતિઓમાં જે તેમના સંસાધનોના વપરાશ કરવાના અધિકારનું રક્ષણ કરે અને તેમને તેનાથી દૂર ના કરે એમાં મજબૂત રોકાણો કરવાની જરૂર છે. આના માટે એવી દૂરંદેશીની જરૂર છે જે મહિલાઓના માનવ અધિકારો પર ધ્યાન કેન્દ્રિત કરે તેમજ સત્તા અને સંસાધનોની પુનઃકલ્પના અને પુનઃવિતરણ દ્વારા વિકાસના વર્તમાન મોડલમાં બદલાવ લાવે.

સૌથી મહત્વની બાબત એ છે કે અમે એવુ માનીએ છીએ કે રાજ્યને મજબૂત લોકો પાસે વધારે શીખવાની ઇચ્છા રાખવી જરૂરી છે તેમજ સામાજીક અને આર્થિક ઐક્યને મજબૂત બનાવવા માટેના રસ્તા શોધવા માટે મહિલાની આગેવાની હેઠળના કાર્યો સાથે ભાગીદારી કરવી જોઇએ.

આ દસ્તાવેજ મુખ્યત્વે મહિલા ખેડૂતો અને તેમના સમૂહો કે જેમણે આ સંકટના સમયમાં સંઘર્ષ કર્યો હતો, નવતર રસ્તાઓ શોધ્યા હતા અને દૃઢ નિશ્ચય દાખવીને દર્શાવ્યુ હતુ કે દરેક મુશ્કેલ પરિસ્થિતિ માંથી બહાર આવવા માટે હંમેશા એક વૈકલ્પિક માર્ગ હોય જ છે!

આ દસ્તાવેજને મૂર્ત સ્વરૂપ આપવામાં સી. ભાનુજા, આરઇડીએસ; કુમારી બાઇજમકટન, કોરચી મહાગ્રામસભા; સેજલ દાંડ અને નીતા હારદીકર, આનંદી; ડો. સોમા કેપી, સુલેખા(અક્શન ઇન્ડિયા), મુબાશીરા ઝૈદી; સુવર્ણા દામલે અને નિર્મલા કાઠવાટે પ્રકૃતિ; રિશા રામચંદ્રન અને મુબાશીરા ઝૈદીની મદદ સાથે વિક્રમ સિંઘ; એચડીઆરસી, ડબલ્યુજીડબલ્યુએલઓ અને ઉત્થાન, ગુજરાત; થનલ, કેરાલાએ યોગદાન આપ્યુ છે.

અમે વેબિનાર આયોજીત કરવા માટે ગ્લોબલ ટેપસ્ટ્રી ઓફ અલ્ટરનેટિવ્સનો અને આ વાર્તાઓને સંકલિત કરવા માટે મકામનો આભાર માનીએ છીએ.

આ સમગ્ર પ્રયાસનું સંકલન શિલ્પા વસાવડા અને સીમા કુલકર્ણી દ્વારા કરવામાં આવ્યુ હતુ જેના માટે ઉષા સીથાલક્ષ્મી, ડો. સોમા કેપી અને આશાલથા, મકામમાંથી નેશનલ ફેસીલીટેશન ટીમના સભ્યો તરફથી સૂચન લેવામાં આવ્યા હતા. અમે આ વિચાર પ્રત્યે હકારાત્મક અભિગમ દાખવવા બદલ ગાર્ગી મંગુલકર, નેશનલ કો-ઓર્ડીનેટર, મકામ અને મકામ ખાતેના અમારા અન્ય તમામ મિત્રોનો આભાર વ્યક્ત કરીએ છીએ.

મકામની સંપર્ક વિગતોઃ સુશ્રી ગાર્ગી મંગુલકર, mahilakisan.makaam@gmail.com /૯૬૦૪૭૭૯૬૬૬

જીમી મહેતા દ્વારા અનુવાદ અને નવીદ દાદન દ્વારા ડિઝાઇન અને લેઆઉટ.

આ પ્રકાશન માટે હેઇનરીચ બોલ ફાઉન્ડેશન અને મીઝેરીઅર નો સહયોગ પ્રાપ્ત થયો છે.

**પ્રશસ્તિનોંધઃ** વિકલ્પ સંગમ, આશાના બીજનું વાવેતરઃ મહિલા સંગઠનો પરિવર્તન માટે માર્ગ સર્જે છે - વોલ્યુમ ૪, વિકલ્પ સંગમ કોર ગ્રુપ, પૂને, માર્ચ ૨૦૨૧

આ એક કોપીલેફટ પ્રકાશન છે. તેને બિન-વ્યાવસાયિક હેતુઓ માટે ફરીથી પ્રકાશિત કરી શકાય છે, આભાર અને પ્રશસ્તિનોંધ સાથે, તેમજ કોઇ પણ પુનઃ પ્રકાશન એ જ શરતો સાથે અને કોઇ પણ જાતના કોપીરાઇટ વગર થવુ જોઇએ.

આ શ્રેણીના અન્ય ભાગો માટે (બહુવિધ ભાષાઓમાં અને ગ્રાફીક નોવેલ સ્વરૂપમાં), જુઓઃ

‘સાધારણ’ લોકોની અસાધારણ કામગીરીઃ ભાગ ૧, ગ્રાફીક નોવેલ

સામુદાયિક વન અધિકારો અને મહામારીઃ ગ્રામસભાઓ માર્ગ ચીંધે છેઃ ભાગ ૨, ગ્રાફીક નોવેલ

પશ્ચિમી હિમાલયોમાં મહામારી સામે સ્થિતિસ્થાપકતાઃ ભાગ ૩

આશા, સ્થિતિસ્થાપકતા અને સામૂહિક સપનાંની યુવા વાર્તાઓઃ ભાગ ૫

વિકલ્પ સંગમ એ માનવ અને પર્યાવરણની સુખાકારી માટે ઝડપી, ન્યાયી અને ટકાઉ રસ્તાઓ શોધવા અંગે કામ કરતી ચળવળો, જૂથો અને વ્યક્તિઓને સાથે લાવવા માટેનું એક મંચ છે. તે વિકાસના વર્તમાન મોડલ અને અસમાનતા અને અન્યાયના માળખાને નકારે છે, તેમજ અમલમાં મૂકી શકાય એવા વિકલ્પો શોધે છે. દેશભરની લગભગ ૭૦ ચળવળો અને સંસ્થાઓ તેના કોર ગ્રુપની સભ્ય છ.

વધુ માહિતી માટે કૃપયા મુલાકાત લોઃ
http://www.vikalpsangam.org/about/

www.vikalpsangam.org

- ACCORD (Tamil Nadu)
- Alliance for Sustainable and Holistic Agriculture (national)
- Alternative Law Forum (Bengaluru)
- Ashoka Trust for Research in Ecology and the Environment (Bengaluru)
- BHASHA (Gujarat)
- Bhoomi College (Bengaluru)
- Blue Ribbon Movement (Mumbai)
- Centre for Education and Documentation (Mumbai)
- Centre for Environment Education (Gujarat)
- Centre for Equity Studies (Delhi)
- CGNetSwara (Chhattisgarh)
- Chalakudypuzha Samrakshana Samithi / River Research Centre (Kerala)
- ComMutiny: The Youth Collective (Delhi)
- Deccan Development Society (Telangana)
- Deer Park (Himachal Pradesh)
- Development Alternatives (Delhi)
- Dharamitra (Maharashtra)
- Ekta Parishad (several states)
- Ektha (Chennai)
- EQUATIONS (Bengaluru)
- Extinction Rebellion India (national)
- Gene Campaign (Delhi)
- Goonj (Delhi)
- Greenpeace India (Bengaluru)
- Health Swaraaj Samvaad (national)
- Ideosync (Delhi)
- Jagori Rural (Himachal Pradesh)
- Kalpavriksh (Maharashtra)
- Knowledge in Civil Society (national)
- Kriti Team (Delhi)
- Ladakh Arts and Media Organisation (Ladakh)
- Local Futures (Ladakh)
- Maadhyam (Delhi)
- Maati (Uttarakhand)
- Mahila Kisan Adhikar Manch (national)
- Mahalir Association for Literacy, Awareness and Rights (MALAR)
- Mazdoor Kisan Shakti Sangathan (Rajasthan)
- National Alliance of Peoples' Movements (national)
- Nirangal (Tamil Nadu)
- North East Slow Food and Agrobiodiversity Society (Meghalaya)
- People's Resource Centre (Delhi)
- Peoples' Science Institute (Uttarakhand)
- Revitalising Rainfed Agriculture Network (national)
- reStore (Chennai)
- Sahjeevan (Kachchh)
- Sambhaavnaa (Himachal Pradesh)
- Samvedana (Maharashtra)
- Sangama (Bengaluru)
- Sangat (Delhi)
- School for Democracy (Rajasthan)
- School for Rural Development and Environment (Kashmir)
- Shikshantar (Rajasthan)
- Snow Leopard Conservancy India Trust (Ladakh)
- Sikkim Indigenous Lepcha Women's Association
- Social Entrepreneurship Association (Tamil Nadu)
- SOPPECOM (Maharashtra)
- South Asian Dialogue on Ecological Democracy (Delhi)
- Students' Environmental and Cultural Movement of Ladakh (Ladakh)
- Thanal (Kerala)
- Timbaktu Collective (Andhra Pradesh)
- Titli Trust (Uttarakhand)
- Tribal Health Initiative (Tamil Nadu)
- URMUL (Rajasthan)
- Vrikshamitra (Maharashtra)
- Watershed Support Services and Activities Network (Andhra Pradesh/Telangana)
- Youth Alliance (Delhi)
- Yugma Network (national)
- Let India Breathe
- Travellers' University
- Dinesh Abrol
- Sushma Iyengar